# મૂર્તિ



મે/જુન - ૨૦૨૩, વર્ષ : ૨૦ અંક : ૫/૬
વાર્ષિક : ૨૫૦/-




## અબજીબાપા પ્રતિષ્ઠિત ભીડભંજન હનુમાનજી શતાબ્દી એવમ્ પાટોત્સવ મહોત્સવ

(તા.૧-૫-૨૦૨૩ થી તા. ૫-૫-૨૦૨૩)


વિજય ધ્વજારોહણ




દિવ્યાનંદ સભામંડપ







### ગુરૂ પૂર્ણિમા

કથા-વાર્તા, ગુરૂપૂજન
તા. ૩/૭/૨૦૨૩, સોમવાર
સમય : સવારે ૯ થી ૧૨
ત્યારબાદ ભોજન પ્રસાદ

### અષાઢી ઉજવણી પારાયણ

અબજીબાપાશ્રીનું જીવનવૃતાંત પારાયણ
તા. ૧૫/૭/૨૦૨૩, શનીવાર થી
તા. ૧૭/૭/૨૦૨૩, સોમવાર
સમય : સવારે ૮:૩૦ થી ૧૨ અને બપોરે ૪:૩૦ થી ૭
દરરોજ સવાર/સાંજ કથાવાર્તા બાદ ભોજન પ્રસાદ

### અ. શ્રાવણ માસ શીબીર

કથા-વાર્તા, ધ્યાન, ભજન
તા. ૧૮/૭/૨૦૨૩, મંગળવાર થી
તા. ૧૬/૮/૨૦૨૩, બુધવાર
સમય : સવારે ૮ થી ૧૧ અને બપોરે ૪ થી ૬
દરરોજ સવાર/સાંજ શીબીર બાદ ભોજન પ્રસાદ

પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા,
તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427

## અબજીબાપાશ્રી પ્રતિષ્ઠિત શ્રી હરિ ચરણારવિંદ તથા ભીડભંજન હનુમાનજીનું પૂજન



## છતેડીધામ પાટોત્સવ ઉપલક્ષે શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા અન્નકુટ





RNI No.: GUJGUJ/2004/52455

મે-જુન ૨૦૨૩

વર્ષ : ૨૦

અંક : ૫/૬



# મૂર્તિ



દિવ્ય પ્રેરણા



પ.પૂ. અ.મુ.મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

તંત્રી

શ્રી કલ્યાણ નારણ વેકરીયા

પ્રકાશક

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર ટ્રસ્ટ
બળદિયા-ભુજ (કચ્છ)

ફોન : ૦૨૮૩૨ - ૨૮૨૫૫૩
ફેક્સ : ૦૨૮૩૨ - ૨૮૨૨૫૩
E-mail : abjibapachhatedi@yahoo.com
Website : www.abjibapanichhatedi.org

લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| આજીવન | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં આજીવન | : રૂા. ૪૦૦૦/- |

પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ -ભુજ

## શતામૃત મહોત્સવ ગીત

મહારાજની મૂર્તિમાં બાપા રાજી રાજી,
શ્રીજી મહારાજને વ્હાલાં હનુમાનજી,
સ્વામિનારાયણ નામના મહામંત્રથી,
સંકટ દૂર કરશે લોકોના હનુમાનજી,
હે મહામંત્રની એક હાકે, ભૂત-પ્રેત-સંકટ ભાગે,
આવ્યો શતાબ્દી મહોત્સવ રે, હનુમાનજી નામે,
જય બોલો, જય બોલો શ્રીજીમહારાજની....
જય બોલો, જય બોલો અબજીબાપાશ્રીની....
અનાદી મુક્ત બાપાશ્રીના છતેડીધામે,
સંતો-મુક્તો-ભક્તો પધાર્યા છે આજે,
હનુમાનજી પ્રતિષ્ઠાની સ્વર્ણીમ વર્ષગાંઠે,
શતાબ્દી મહોત્સવની શરણાયું રે વાગે,
હે ભક્તિનાં સુર ગાજે, કૃપા કરી મહારાજે,
આવ્યો શતાબ્દી મહોત્સવ રે, હનુમાનજી નામે,
જય બોલો, જય બોલો શ્રીજીમહારાજની....
જય બોલો, જય બોલો અબજીબાપાશ્રીની....
અબજીબાપાની છતરીએ રે, ઢોલ નગારા વાગે,
આવ્યો શતાબ્દી મહોત્સવ રે, બાપાશ્રીના ધામે,
સંતો-મુક્તો સૌ પધાર્યા રે, વૃષપુર ધામે,
આવ્યો શતાબ્દી મહોત્સવ રે, હનુમાનજી નામે,
જય બોલો, જય બોલો શ્રીજીમહારાજની....
જય બોલો, જય બોલો અબજીબાપાશ્રીની....
જય બોલો, જય બોલો ભીડભંજનદેવની....

: નમ્ર વિજ્ઞપ્તી :

આ ‘શતામૃત મહોત્સવ’ દરમ્યાન જેમણે તન-મન અને ધનથી સેવા આપી છે તેમને યથાયોગ્ય નવાજવા કે આદર કરવો કે અન્ય કામોમાં ક્યાંક ક્યાંક સંચાલકો દ્વારા જો કોઈ સરત ચૂક રહી ગઈ હોય તો તે માટે અમે અંતરના ઊંડાણથી આપ સર્વેની ક્ષમાયાચના કરીએ છીએ. આપ મુક્તો ઉદાર દિલ રાખી અમારી ભૂલોને દરગુજર કરો એવી કરબદ્ધ પ્રાર્થના છે. - સંચાલક સમિતિ





## પૂજન - પોથીયાત્રા





# અબજીબાપાશ્રી પ્રતિષ્ઠિત ભીડભંજન હનુમાનજી શતાબ્દી એવમ્ પાટોત્સવ મહોત્સવ

## પ્રથમ દિન (તા. ૦૧-૦૫-૨૦૨૩) અખંડધૂન પ્રારંભ અને પોથીયાત્રા

લેખન : પ્રફુલ ગાંધી
સંકલન : કલ્યાણ વેકરીયા

બાપાશ્રી પ્રતિષ્ઠિત ભીડભંજન શતાબ્દી મહોત્સવના ૧૫ દિવસ પહેલા કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને વિદેશનાં ભાવિક ભક્તો શ્રીજી મહારાજ બાપાશ્રી અને સદગુરૂઓની પ્રસન્નાર્થે સેવામાં જોડાઈ ગયા. કોઈ સફાઈ કામમાં, કોઈ ઉતારાની વ્યવસ્થામાં, કોઈ પ્રચાર-પ્રસાર, કોઈ રસોડાની સેવા, યજ્ઞની સેવા, સભા-મંડપની સેવા, સાહિત્ય નિર્માણની સેવા, સંત સેવા વગેરે. ઈન્દ્રદેવ પણ પોતાની સવારી સાથે દર્શન કરી ગયા અને માર્ગ સ્વચ્છ કરતા ગયા. વૈશાખ સુદ-૧૧, તા. ૧-૫-૨૦૨૩ના વહેલી સવારે યજમાનશ્રીઓ દ્વારા કથા પ્રારંભ પહેલા મહાપૂજા કરી. સદ્. શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામીએ વિધિપૂર્વક મહાપૂજા કરાવી. સ્વચ્છ માર્ગ પર પોથીયાત્રામાં જોડાવા વિશાળ હરિભક્તોનો સમૂહ બળદિયા ગામમાં છતેડીવારા બહેનોના મંદિરમાં પહોંચી ગયો. તેમજ નક્કી કરેલ ગામના ભક્તો અખંડધૂનની શરૂઆત કરી.

સમગ્ર મંદિર અને મંદિરની શેરીયું હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગઈ. સાંખ્યયોગી બહેનોએ ૧૦૦ પોથી તૈયાર કરી હતી તેનું પૂજન બ્રાહ્મણોએ યજમાનશ્રીઓ દ્વારા વેદોક્ત મંત્રથી કર્યું. મહારાજ, બાપાશ્રી અને સદ્ગુરૂઓ સિંહાસનમાં બેસી આ નિહાળી રહ્યા હતા. મંદમંદ હાસ્ય કરી કૃપાવર્ષા વરસાવી રહ્યા હતા. સૂરજબા, ધનબા ફઈ, વાલબા ફઈ, કાનબા ફઈ આદિ સ્ત્રી અનાદિ મુક્તો અને કાનજીબાપા, જાદવજીબાપા, નારાયણમામા આદિ પુરૂષ અનાદિમુક્તો પણ કૃપા વરસાવી રહ્યા હતા. સમગ્ર વાતાવરણ દિવ્ય હતું. શતામૃત મહોત્સવના અધ્યક્ષ સદ્ શ્રી સ્વયંપ્રકાશદાસજી, મુનિસ્વામીના શિષ્ય સદ્ શ્રી હરિસ્વરૂપદાસજી આદિ સંતોનું મંડળ તથા મહોત્સવના મુખ્ય યજમાન શ્રી રવજીભાઈ વરસાણી, છતેડી સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓ, શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનથી શ્રી

મુક્તના જોગ વિના અંતર ખુલ્લા કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી. અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે. સાધનિકની સર્વે ક્રિયા દેહને આધીન થઈને હોય છે અને અનાદિમુક્તની બધી ક્રિયા મહારાજને આધીન હોય છે.










જગદીશભાઈ ઠક્કર તથા મહોત્સવના અન્ય યજમાનશ્રીઓએ પૂજન કર્યું. ત્યારબાદ યજમાનશ્રીઓના મસ્તક ઉપર પોથીઓ મૂકવામાં આવી. આ મુક્તોએ મંદિરથી બહાર આવી સ્ત્રીમુક્તોને પોથીઓ અર્પણ કરી અને આમ શરૂ થઈ પોથીયાત્રા.

મંદિરની બહાર કીર્તન, ધૂન્ય અને તમામ શણગારેલા વાહનો અહીં તૈનાત હતા. બળદિયા ઉપલાવાસથી પોથીયાત્રા નીચલાવાસમાં પ્રવેશ કર્યો અને બાપાશ્રીના ઘર પાસે આરતી ઉતારી અને જાગીર રસ્તે પસાર થઈ. આમ બળદિયા ફરીથી ધન્ય બની ગયું સવારે ૭:૩૦ વાગ્યે પોથીયાત્રા શરૂ થઈ અને ૯:૩૦ વાગ્યે છતેડીધામમાં દિવ્યાનંદ સભામંડપમાં પહોંચી. વક્તા સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વ્યાસ સ્થાન ગ્રહણ કર્યું અને પોથીઓનું સ્થાપન કરવામાં આવ્યું.

સંહિતાપાઠી સંતો, ઋષિકુમારોએ સંહિતાપાઠ કરવા પોતપોતાનું સ્થાન મંચ પર ગ્રહણ કર્યું. ધામોધામથી પધારેલ સંતોએ પણ મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સભામંડપમાં સહુ યજમાનશ્રીઓ તથા પધારેલા મહેમાનોએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. આખો સભામંડપ પહેલે દિવસે જ સંપૂર્ણ ભરાઈ ગયો. સહુના આનંદનો પાર ન રહ્યો. અબજીબાપા સંસ્કારધામના બાળકો દ્વારા ઉપસ્થિત સર્વેનું સ્વાગત નૃત્યથી સ્વાગત કરવામાં આવ્યું.

વ્યાસપીઠ પર શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી આરૂઢ થયા. શ્રી ભાનુભાઈએ સભા સંચાલનનો દોર સંભાળ્યો અને મહોત્સવની ઝલક ટુંકમાં આપી વક્તાશ્રીનો પરિચય આ રીતે કરાવ્યો. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી, ગુરૂ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, બાલકૃષ્ણદાસજી સ્વામી, રાધામનોહરદાસજી સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી (મૂળી મંદિરના નિર્માતા અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના અષ્ટ કવિમાંના શિરમોર, યતિ, સંતવિભૂતિ) આવી મહાન સંત-પરંપરાના સંત તથા હરિકૃષ્ણમહારાજ અને પુરુષોત્તમપ્રકાશ ગ્રંથનું પૂજન/આરતી મહોત્સવના યજમાનશ્રીઓ તથા ધામોધામથી ઉપસ્થિત સંતો દ્વારા કરવામાં આવ્યું.



સાધનિકનો ઉદ્‌ઘોષ બહુ જણાય જ્યારે સિદ્ધદશાવાળા મુક્ત તો મૂર્તિમાં રમૂજ કર્યા કરે તે ક્યાંથી ઓળખાય? માટે મુક્ત ઓળખાવા એ કલમ કઠણ છે.












# અધ્યક્ષપદેથી આશીર્વચન

## સદ્ શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી



- શ્રી અબજીબાપાની છતેડી તથા શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશન સાથે જોડાયેલ હરિભક્તો સાથે મળીને આ મોટો ઉત્સવ કર્યો છે.
- બાપાશ્રીએ આ સ્થાને મોટા ઉત્સવો કર્યા છે. પોતે જાતે હરિભક્તોની જઈને પૂછી તેમની ખબર-અંતર લેતા.
- આ સ્થાન દિવસે દિવસે વૃધ્ધિ પામતું જાય છે. અહીં દાન માટે કોઈ આગ્રહ કરવામાં આવતો નથી. મહારાજ – બાપાની પ્રેરણાથી સ્વેચ્છાએ સહુ દાન કરે છે અને બધા કાર્ય પૂર્ણ થાય છે.
- અમદાવાદ દેશ તેમજ મૂળીથી બાલકૃષ્ણદાસજી સ્વામી, ભગવત્સ્વરૂપદાસજી સ્વામી વગેરે મહાન સંતો આવતા અને બાપાશ્રીનો સમાગમ કરતા.
- સં. ૧૯૬૨ની સાલનો યજ્ઞ બાપાશ્રીએ કર્યો ત્યારે યજ્ઞ ચાલુ થઈ ગયો હતો અને બાલકૃષ્ણદાસજી સ્વામી મૂળી પ્રદેશમાં વિચરણ કરતા હોવાથી હજુ પહોંચી નહોતા શક્યા. જ્યારે તેઓ યજ્ઞમાં પહોંચ્યા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''હવે અમારો પંચાંહ શંખ વાગ્યો અને અમારો યજ્ઞ પૂરો થયો.''
- અહીં સ્વયંસેવકોની મોટી સેવા છે. તેમના ઉપર અને પધારેલ સહુ મુક્તો પર મહારાજ-બાપા રાજી થાય એવી પ્રાર્થના કરૂ છું.





આ સત્સંગમાં જેટલા ગુણ-દોષ દેખાય તેટલું નાસ્તિકપણું છે અને દિવ્યભાવ દેખાય તેટલું આસ્તિકપણું છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામ્યા હોય તેને આ સત્સંગ દિવ્ય ભાસે છે.










**વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૧-૦૫-૨૦૨૩ : પ્રથમ દિન - પ્રથમ સત્ર)**

**કથામૃત**

- કારીયાણીમાં શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામીનો વાર્તાલાપ નિષ્કુળાનંદ સ્વામીએ સાંભળ્યો. જે પુરુષોત્તમપ્રકાશ ગ્રંથનું નિમિત્ત બન્યો. એવા આ ગ્રંથની પારાયણનો લાભ લેવાનો છે. આ ગ્રંથમાં ૫૫ અધ્યાય છે. દરેક અધ્યાયમાં ૪ દોહા અને ૧૬ ચોપાઈઓ છે. એવી અદભૂત રચના છે.
- ભીજભંજન હનુમાનજી દાસત્વ ભક્તિવાળા છે, ભગવાન પાસે સેવા સિવાય કાંઈ માંગ્યું નથી. સંવત ૧૯૭૮ના અક્ષય તૃતિયાના દિવસે બાપાશ્રીએ પ્રતિષ્ઠા કરી.
- શ્રીજીમહારાજ અને તેમના મુક્તોનું એક જ કામ છે કે, જીવોને યેન-કેન પ્રકારે પોતાનું અક્ષરધામ આપવું છે.
- આવી સભાના દર્શન કરવા તો દેવો પણ આવે છે.
- પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં શ્રીજીમહારાજે પ્રૌઢ પ્રતાપ ફેલાવ્યો તેનું વર્ણન છે.
- શ્રીજીમહારાજે અનેક પરચા પૂર્યા, સદાવ્રતો બાંધ્યા, યજ્ઞયાગ કર્યા, પોતાના સંત/ભક્તોના ને પ્રસાદીની વસ્તુઓના દર્શનથી પણ જીવોના કલ્યાણ કર્યા. તેમને અને તેમના સંતની સેવા કરનારના કલ્યાણ કર્યા.
- બાપાશ્રીએ પણ મોટા-મોટા યજ્ઞો કરી અનેક જીવોના કલ્યાણ કર્યા.
- શ્રીજીમહારાજે મોટા ૯ મંદિર બાંધ્યા અને પોતાના દિવ્ય સ્વરૂપો પધરાવ્યા. તેમાં ત્રણ મંદિર (અમદાવાદ, મૂળી અને ભૂજ)ના દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાઈ ગયા.
- પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું પ્રગટ કરતો ગ્રંથ છે. ''આ વારનો જે અવતાર રે, તેવો ન થાય વારંવાર રે, નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજો સહુ મનમાંથી રે.''
- મહારાજ અને સંતની વાણી સાંભળવા બીજુ બધુ મેલી દેવું. એક વખત શીવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામી વાતો કરતા હતા ત્યારે બજારમાં ગયા અને રૂ. ૧૫૦/- કમાઈ લાવ્યા તે સંતોની સેવામાં આપ્યા, પણ સ્વામીએ કહ્યું ''૧૫૦ કમાવામાં ભગવાનની વાત અમે કરી તે સાંભળવી રહી ગઈ.''
- ભગવાનના સ્વરૂપમાં નવેનવ રસ રહ્યા છે. એ કહી જુદા જુદા અંગમાં જે રસ રહ્યા છે તે વિસ્તારીને વાત કરી.



**જો સત્સંગ દિવ્ય ન જાણે અને પોતાને સરસ માને અને બીજાને ન્યુન માને અને તે કહે જે હું મહારાજની મૂર્તિને દેખું છું, તો એ વાત ખોટી છે.**








## વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૧-૦૫-૨૦૨૩ : પ્રથમ દિન - દ્વિતિય સત્ર)

### કથામૃત

- પતિવ્રતાની ભક્તિ, સેવકભાવ, દાસભાવ માટે વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને હનુમાનજીને યાદ કર્યા છે. એ ગુણ આપણે ગ્રહણ કરવો.
- જેતલપુરના વચનામૃતમાં યતિની વાતમાં બ્રહ્માનંદ સ્વામી અને હનુમાનજીની વાત કરી છે. વિકાર ઉપજાવે એવી ક્રિયા કર્યા છતાં વિકાર ન ઉપજ્યો તે હનુમાનજીના દ્રષ્ટાંતથી વાત કરી. સાથે સાથે લક્ષ્મણજીની વાત કરી જે ૧૪ વર્ષ વનમાં સાથે રહ્યા પણ સિતાજીનું મુખ લક્ષ્મણજીએ નહોતું જોયું. તેમને વંદન કરવા જતા ત્યારે તેમના ચરણ જ જોયા તે યતિપણું કહેવાય.
- વનવિચરણ વખતે વર્ણી માટે ફળ-ફૂલ લાવી ભૂત-બ્રહ્મરાક્ષસને માર્યા એવી સેવા બજાવી છે. સેવાગુણ બહુ મોટો છે.
- બહેનોમાં સેવા-ભક્તિનો ગુણ રહ્યો હોય છે. જ્યારે પુરુષમાં ઉપદેશ દેવાનો. પુરુષને સેવા ન સુઝે. માટે સેવા ગુણ ગ્રહણ કરવો.
- આ તો ચમતકારી સ્થાન અને ચમતકારી હનુમાનજી છે એમ બાપાશ્રી કહે છે. તે નિમિતના આ ઉત્સવમાં સેવા કરી લેવી.
- પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની વાત કરતા કહ્યું કે, પુરુષોત્તમનારાયણ પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તાવવાને માટે આ પૃથ્વી પર પ્રગટ થયા છે.
- મહારાજ અને મુક્તો સ્વતંત્ર છે તે પોતે જેમ ઈચ્છે તેવી લીલા કરતા હોય છે.
- બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો અને પછી રજા પણ આપી, એવી રીતે બધાયને સેવાનો લાભ મળે તે માટે આવી લીલા મોટા ગ્રહણ કરે છે.
- પોતાના આશરે આવનાર જીવનું ભગવાન રક્ષણ કરે છે. દેહની પીળા અંતકાળે હોય તે પીળામાંથી છૂટાવી જીવને ધામમાં મૂકી દે છે. ''અંતકાળે મારા જનને જરૂર મારે આવવું, બીરદ મારુ બદલે નહિ સર્વેને જણાવવું.''
- ઉપાસનાની દઢતા કરી ભગવાનની નવ પ્રકારે ભક્તિ કરવી.
- મોટા મુક્તના યોગ અને તેમના વચનમાં વિશ્વાસ વગર ઉપાસના દઢ નથી થતી. આપણને એવો યોગ મળ્યો છે એટલે નિશ્ચિંત બેઠા છીએ.

ઊનુ નહીં, ટાઢુ નહીં, મંદ-મંદ, શિતલ અને શાંત એવું મહારાજનું સુખ છે તે જેને રજ-તમ ન ભળે તેને આવે છે.
હજારો સાધનિક હોય તે એક અનાદિમુક્તની તુલ્ય થાય નહિ એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે.










- મોટા મુક્તની કૃપાદૃષ્ટિમાં આવે તેનું કલ્યાણ થાય છે. પશુ-પક્ષીનું પણ કલ્યાણ થઈ જાય છે. તે ઉપર શ્રીજીમહારાજે સસલાનો અને બાપાશ્રીએ ઉંદરનો મોક્ષ કર્યો એ વાત કરી.
- શ્રીજીમહારાજ છપૈયા અને અયોધ્યામાં બાળલીલા કરી અનેકના કલ્યાણ કર્યા. વનવિચરણ કરી ગોપાલયોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી નવલાખ યોગીને એક સાથે દર્શન આપી વનવિચરણ કરી અનેક રાજા, તપસ્વી, મુમુક્ષુઓને દર્શન આપી સત્સંગમાં જન્મ ધરાવીને પણ કલ્યાણ કર્યા છે. એમ વિચરણ કરતા કરતા લોજ પધાર્યા.
- સત્સંગની ધુરા સંભાળ્યા પછી સંતોને સ્ત્રી-ધનથી દૂર કર્યા અને દેશોદેશમાં સત્સંગ કરવા મોકલ્યા. સંતોના શુધ્ધ અને પવિત્ર જીવન જોઈને મુમુક્ષુઓ ખેંચાણા.
- સ્ત્રી-ધનના યોગથી ઋષી અને દેવોના પણ પતન થયા છે માટે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરાવ્યો.
- અનેક જીવોના કલ્યાણ કરવા સદાવ્રત બંધાવ્યા. હરિભક્તો તેમાં ધન-ધાન્ય, દ્રવ્યથી સેવા કરે એમ અનેક રીતે કલ્યાણ કરવાનાં દ્વાર ખોલ્યા.

## પ્રવચનમાળા : (સદ્. શ્રીરંગદાસજી સ્વામી, વડોદરા)



- બાપાશ્રીએ ભીડભંજન હનુમાનજી પધરાવ્યા ત્યારે ૨૪ ગામના કણબી પટેલીયાને બોલાવી યજ્ઞ કરવાની વાત કરી ત્યારે બધાએ હા પાડી, પણ પંચ-વર્તમાન લોપનારને આવવાની ના પાડી, એવી ધર્મની દૃઢતા બાપાશ્રી રખાવતા.
- આ છત્રી સ્થાન અતિ દિવ્ય છે. બાપાશ્રી સર્વેના સંકલ્પ સત્ય કરે છે.
- બાપાશ્રીએ પંચ-વર્તમાનનું પાલન, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા અને નિષ્કામ ભાવે મોટા સાથે વર્તવું એમ શીખવ્યું છે.
- આ સ્થાન સાથે જોડાયેલ હરિભક્તો સ્વયંભૂ પંચવર્તમાનનું પાલન કરે છે અને નિયમિત દેવનો ધર્માદો કાઢે છે.
- આ સ્થાનની રીત અહીં કોઈ આવીને જોવે તો ખબર પડે કે બાપાશ્રી અને મુક્તોએ સહુને કેવા બળીયા કર્યા છે.



**અમારો તો આ સિધ્ધાંત છે જે, આ પ્રતિમા સાક્ષાત્ મહારાજ છે અને આ સભા અક્ષરધામની છે, એમ પ્રતિમા અને સભાને વિષે દિવ્યભાવ લાવવો પણ આધુનિકને સંગે અવળે રસ્તે ચઢી જવું નહીં.**








### રાત્રી કાર્યક્રમ : (પ્રથમ દિન)

- ઘનશ્યામ એકેડમીના વિદ્યાર્થીઓએ શ્રીજીમહારાજના નંદસંત રચિત કિર્તન પર નૃત્ય કરી સહુને રાત્રી કાર્યક્રમમાં મોહિત કર્યા.

## દ્વિતિય દિન (તા. ૦૨-૦૫-૨૦૨૩)

### છાબ

અ.મુ.શ્રી નારાયણમામાની દિવ્ય પ્રેરણાથી તેમના સેવકવૃંદે બાપાશ્રીના ઘરનું રીનોવેશન કાર્ય કર્યુ છે. તેમાં વિશેષ પ્રસાદીની વસ્તુઓ પણ પ્રદર્શીત કરવામાં આવી છે. ઉત્સવના બીજે દિવસે વાજતે-ગાજતે સર્વે યજમાનશ્રીઓ તથા સેવકવૃંદે બાપાશ્રીના ઘરથી દિવ્યાનંદ સભામંડપ સુધી છાબ (ભેટ સોગાદ) ઉત્સવ કરતા કરતા લાવ્યા અને ત્યારબાદ દ્વિતિય સત્રના પ્રથમ દિવસે વક્તાશ્રીનું પૂજન અને આરતી કરી કથા પ્રસંગનો દોર આગળ વધ્યો.

### વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૨-૦૫-૨૦૨૩ : દ્વિતિય દિન, પ્રથમ સત્ર)

### કથામૃત

- બાપાશ્રી કહે છે કે, ''ચાર ચોરે મળીને ગાયનો વાઘ કરી બતાવી અને પેલો બ્રાહ્મણ ગાયને વાઘ સમજી મૂકી દીધી અને ચોરો ગાય ઉપાડી ગયા.'' તેમ ન કરવું. ચોખ્ખા રહેવું.
- પોતાના પ્રિયતમની મરજી લોપે નહીં તે પ્રેમીનું લક્ષણ છે. તે ઉપર અક્રુરજી કૃષ્ણને મથુરા લઈ જાય છે પણ ગોપીઓ પોતાના પ્રિયતમની મરજી જાણી જવા દે છે અને આજ્ઞા વિના મથુરા નજીક હોવા છતા જતી નથી.
- એવા પ્રેમીભક્તથી ભગવાન જરાય છેટા નથી. એમની સાથે ને સાથે જ છે. તે ઉપર સચ્ચિદાનંદ સ્વામીની વાત કરી.
- મેઘ વરસે ત્યારે પાત્ર-કુપાત્ર જોતો નથી તેમ મહારાજ અને મોટા પુરુષ પાત્ર-કુપાત્ર જોતા નથી. ભૂતોના પણ મોક્ષ કરી નાખે છે. યમપુરીના કુંડ સ્વરૂપાનંદ સ્વામી દ્વારા ખાલી કરાવી દીધા.

''જીવ જમના તે હાથથી છોડાવીયા રે લોલ,

જે સર્વ સત્સંગને દિવ્ય સમજે છે તે પોતે દિવ્ય થઈ જાય છે. મહારાજ આપણા સામું જોઈ રહ્યા છે. એમની સમગ્ર સત્સંગ ઉપર એવી ને એવી દયા છે. જેવા માંહી તેવા બહાર રહેવું પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ ન રાખવા.















મારી કર્મની રેખ પર મેખ, જાઉં ધર્મકુંવરને વારણે રે લોલ.''

- ભગવાન મનુષ્ય જેવા થાય છે ત્યારે મનુષ્યને તેનું સુખ મળે છે. વિજાતિમાં સુખ નથી આવતું તેથી શ્રીજીમહારાજ જીવોના કલ્યાણ માટે સજાતી થયા. ''થયા મોહન મનુષ્ય જેવા''
- શ્રીજીમહારાજ સામે ચાલીને બળોલ પધારે છે. થુલી અને દૂધ જમે છે અને રેલા કોણી સુધી જાય છે ને જીભથી તે રેલા ચાટે છે. લોકો આ જોઈ ચાલ્યા જાય છે કે જમવાની ખબર નથી તેને લોકો ભગવાન કહે છે પણ દેવીદાન ગઢવીને તેમા અલૌકીકતા જણાય છે જે ભગવાન સિવાય કોણીએથી રેલા લેવા કોઈ ન કરી શકે અને મહારાજ સાથે ચાલી નીકળે છે અને દેવાનંદ નામ ધારણ કરી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય બની રહે છે.

''લેતા સ્વામિનારાયણ નામ રે, પામે પ્રાણી તે પૂરણ કામ રે,
લેશે નામ નીરખશે નેણે રે, પરમ પ્રાપ્તિ પામશે તેણે રે...''

- કુભાવથી સ્વામિનારાયણ નામ લે તેને પણ ભગવાન તારે છે. ત્યારે ભાવથી નામ લે તેનું કલ્યાણ કરે તેમાં શંકા શેની? બસ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરીએ.
- ભગવાન પ્રેમી ભક્તને વશ વરતે છે. માણકી ઘોડી દરબાર નથી છોડતી. મહારાજ પ્રેમી ભક્તોની આજ્ઞા લઈ વડતાલ જાય છે. ''માણકીએ ચડ્યા રે મહોન વનમાડી... આજ્ઞા આપો અમે જઈએ વૃતપુરી...''
- આખાના શવજી મહેતા પોતાનો બાજરો લણ્યા વગર વડતાલ સમૈયે આવે છે. મહારાજ ચોરો દ્વારા બાજરો ચોરવાના ઈરાદે લણાવી દે છે પછી ચોરોને સોટીઓ મારે છે ને ચોરો ભાગી જાય છે અને લણેલો બાજરો ઘરે પહોંચાડે છે.
- શ્રીજીમહારાજ વર્ષોવર્ષના સમૈયા નક્કી કરી બધાયને તે સમૈયામાં તેડાવે છે. એની સ્મૃતિ રહી જાય તેનું પણ કલ્યાણ થાય.

''બંધ થઈ ગયા બીજા બાર રે, પરમ પદ પામ્યા નર નાર રે,
જીવ સંચમની શીદ જાય રે, પ્રગટ પ્રભુ છે પૃથ્વી માય રે.''

- ભગવાનનો આશરો દૃઢ રાખવો. તેમા પોલ ન રાખવી એમ ગ.પ્ર.૩૩ વચનામૃતમાં કહ્યું છે. ''મેરે તો તુમ એક હી એક આધાર....'' એમ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે.
- આવી રીતે અનેક ઉપાય કરીને જીવોને શરણે લે છે.




આપણા દ્વેષીને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામે ન જોવું. આપણાથી બને તેટલું સાચા દિલથી તેનું સારું કરવું એવી ભક્તની રીત છે. જો કોઈનો દોષ આવે તો જેમ વેપારમાં કમાવાને બદલે ખોટ આવી એમ જાણવું.








## પ્રવચન માળા : (સદ્. શ્રી ધર્મપ્રકાશદાસજી સ્વામી, રાજકોટ)



- આપણને એ વાતનું ગૌરવ હોવું જોઈએ કે મહારાજ અને મુક્તો મળ્યા અને તેમના આશીર્વાદ પણ મળ્યા.
- આપણા શાસ્ત્રોમાં સંતોએ અવતાર અને અવતારીમાં કેટલો બધો ભેદ છે તેના ઘણા ખુલાસા કર્યા છે. આપણા હેતરૂચીવાળાને આ વાત સમજાવવી.
- રામાનંદ સ્વામીએ પણ નિષ્કુળાનંદ સ્વામીને લોજ શ્રીજીમહારાજના દર્શન છોડી ભુજ રામાનંદ સ્વામીના દર્શને ગયા. ત્યારે મહારાજની મોટાઈ કહી. જ્યારે ગોપાળાનંદ સ્વામી અને શ્રીજીમહારાજનો વાર્તાલાપ સાંભળ્યો ત્યારે બોલ્યા એ વાત આજે સમજાઈ અને પછી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ રચ્યો, જેમાં ‘‘આનંદ આપ્યો અતિ ઘણો રે...’’ પદમાં મહારાજનો મહિમા ગાયો છે.

## વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૨-૦૫-૨૦૨૩ : દ્વિતિય દિન - દ્વિતિય સત્ર)

### કથામૃત

- જેને મહારાજના વચનમાં સંકલ્પ થતા હોય તેને ભગવાનનું કર્તાપણું નથી જાણ્યું. જયારે કોઈ સંકલ્પ ન થાય ત્યારે ભગવાનનું સંપૂર્ણ કર્તાપણુ જાણ્યું કહેવાય. એની પરખ જયારે વિપરીત દેશ-કાળ થાય ત્યારે જણાય.
- એક પટેલના દીકરાને વૈરભાવે દરબાર ઉપાડી ગયા અને રૂ. ૧૦,૦૦૦/- આપે તો દિકરો પાછો આપે નહીંતર મારી નાખવો એવી ધમકી આપી પણ પટેલ તો આનંદમાં માળા ફેરવતા રહ્યા. શ્રીજીમહારાજે તેમના દિકરાની રક્ષા કરી.
- ઈન્દ્ર, અગ્નિ, વાયુદેવે પોતાનું કર્તાપણુ માન્યું પણ જ્યારે ભગવાને પરિક્ષા કરી તો ત્રણે પોતાનું કાર્ય ન કરી શક્યા. માટે એક ભગવાનનું કર્તાપણું સમજવું, સત્સંગ કરવો અને ભક્તિ કરવી. સત્સંગ અને ભક્તિ વિના વિદ્વાન પણ અધોગતિને પામે.
- બુહરાનપુરમાં રાજાએ સ્વામિનારાયણના સત્સંગીઓને ધર્મ ન છોડ્યો તેથી જેલમાં પૂર્યા. શ્રીજીમહારાજે ગોવિંદરામને ઘેલા નદીમાં ડુબકી મરાવી બુરાનપુર નદી કિનારે કાઢ્યા. શ્રીજીમહારાજનો સંદેશો સત્સંગીઓને આપ્યો અને અતિવૃષ્ટિ કરી રાજાને ઉલટુ સમજાવનારનું સર્વસ્વ નષ્ટ કરાવી સત્સંગીની રક્ષા કરી. પક્ષ રાખનારની શ્રીજીમહારાજ રક્ષા કરે છે.

કરોડો ગુન્હા માફ કરીને મહારાજ ધામમાં લઈ જશે પણ જે ભક્તનો દ્રોહ કરશે તે માફ નહીં કરે. ત્યાગીને ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ અને ગૃહસ્થને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું, તો મૂર્તિનું સુખ આવે પણ તે વિના ન આવે.










- જેમણે બાપાશ્રીના વચનમાં વિશ્વાસ છે તેને સર્વેને અનાદિમુક્તની સ્થિતિ બાપાશ્રીએ પમાડી દીધી. ''સુખસાગર હરિવરમાં સુખ માણજો... આપણ તુલ્ય નહિં બીજુ કોઈ આજજો...'' એમ મુક્તાનંદ સ્વામી ગાય છે.
- ભગવાનના ચરણારવિંદ સિવાય ક્યાંય શાંતિ નથી. બીજે સુખ મનાય છે એજ મોટી ખોટ છે. માટે શિક્ષાપત્રી શ્લોક ૧૧૬માં કહ્યા પ્રમાણે ''નિજાત્મનં બ્રહ્મરૂપં'' એમ દૃઢ કરી રહેવું.
- શ્રીજીમહારાજે આવી રીતે ભક્તોની રક્ષા કરી છે અને જ્ઞાનઉપદેશ આપ્યો છે તો સાર્વજનીક કાર્ય પણ કર્યા છે. માંગરોળમાં વાવ ગળાવી, સમૃધ્ધ હરિભક્તો થકી સદાવ્રત સેવાના કાર્ય કર્યા, ઉત્સવ કર્યા તદઉપરાંત પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવી સમાધી કરાવી પોતપોતાના ઈષ્ટદેવરૂપે પોતે દર્શન આપ્યા.
- માંગરોળમાં ગોરધન શેઠ વેપાર કરતા તેમાં હસ્તે સ્વામિનારાયણ લખીને માલ વેંચતા અને ઉપશમ અવસ્થામાં રહેતા. ખારુ-મોરુ, માન-અપમાન જેવું કોઈ નહોતું.
- માંગરોળના આણંદજીભાઈની સ્થિતિ ગરીબ. શ્રીજીમહારાજે ત્રણ જન્મની કસર ''હડ કુતરી'' કહી ભક્તો દ્વારા બોલાવરાવ્યું અને કસર કાઢી નાખી. તેમની પાસે હિંડોળો બનાવરાવી રાજા બદરૂદીનને અર્પણ કર્યો. રાજા રાજી થઈ ગયા અને સન્માન કરી, જમીન જાયદાત આપી તેમનું પ્રારબ્ધ બદલી નાખ્યું.
- અગતરાઈના પર્વતભાઈની સ્થિતિ બહું ઉંચી. એકવાર ઝાડ કાપતા કુહાડો છટક્યો અને જોડો કપાઈ ગયો પણ પગમાં કાંઈ વાગ્યું નહી. પછી વિચાર કર્યો છે પગમાં વાગ્યું હોત તો એક મહિનો ખાટલો આવત તો હવે એક મહિનો ગઢડા જઈ મહારાજનો સમાગમ કરી આવીએ. પછી ગઢડા આવી એક મહિનો સત્સંગ કર્યો. ઘનશ્યામ લીલામૃતસાગરમાં તેમની સ્થિતિ વર્ણવતા ભૂમાનંદ સ્વામી કહે છે. પર્વતભાઈ બોલ્યા,

''તવરૂપ વિષે મારૂ મન, અહોનિશ રહે છે મગન,
મને નથી બીજું કાંઈ ભાન, નિત્ય ધરૂ છું તમારુ ધ્યાન.
મૂર્તિમાં રહુ છું દિન રાત, કૃપાનાથ કહું સાચી વાત,
તવ મૂર્તિ વિના બીજુ કાંઈ, પ્રભુજી નથી દેખતો આંઈ.
પંચવિષયના રસ જેહ, નથી જાણતો હું કાંઈ તેહ,
મારે વર્તે છે અક્ષરધરમ, આ સર્વે પરમહંસના સમ.''



જ્ઞાનમાર્ગમાં એમ રહે છે જે આ થકી આ શ્રેષ્ઠ, આ સાચું, આ ખોટું, પણ અમને એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે અને એ જ જ્ઞાન ખરૂં છે. જેને જ્ઞાન હોય તેને મહારાજ કોઈ કાળે પરોક્ષ થાય તેમ નથી.








આ સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા :

''પછે બોલ્યા શ્રીજીમહારાજ, અમારા અનાદિમુક્ત આજ,
અનંત કોટિ બ્રહ્માંડના પ્રાણી, સર્વેના કલ્યાણ કરવા જાણી.
આંહી આવીને પ્રગટ થાય, આપે છે અપવર્ગ સહાય,
નિર્દોષ ને નિર્વિકારી, પોતે રહે છે ભય હારી.
પછી આવે છે અમ પાસ, અક્ષરધામમાં સુખરાશ,
અમારા મહામુક્તની રીત, અજ્ઞાની તે શું સમઝે ચિત.''

- પર્વતભાઈનો દિકરો મેઘજી એકવાર ૬૮ તીરથની યાત્રા કરવા જાય છે. વચ્ચે ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા જાય છે તો ૬૮ તીર્થ ગોપાળાનંદ સ્વામીના ચરણમાં જોયા. ત્યારે તે આશ્ચર્ય પામી જાય છે અને તેમને ગોપાળાનંદ સ્વામી કહે છે કે તમારા પિતાના ચરણમાં ૬૮ તીર્થ રહ્યા છે. પછી તે ઘેર પાછો આવે છે અને પર્વતભાઈ પણ તેમના ચરણમાં પ્રાર્થના કરે છે એવાં દર્શન કર્યા.
- પર્વતભાઈનો ખેડૂતનો વેશ જોઈને કોઈને એવી સ્થિતિની ખબર ન પડે પણ મહારાજે તો ''મારો વાલીડો'' કહીને બોલાવે અને પોતાની પાસે બેસારે. પર્વતભાઈનો મહિમા આમ શ્રીજીમહારાજ સમજાવે છે.
- બાપાશ્રી કૃપા કરીને કહેતા, ''તમારા બધા ગુન્હા માફ છે. તમને સર્વેને મૂર્તિમાં રાખ્યા છે. તો હવે સાવધાનીપૂર્વક રહેવાનું છે.'' બાપાશ્રીનું વૃતાંત અને ચરિત્ર પણ એવા જ કલ્યાણકારી છે.
- શંકરાચાર્ય ત્રણ વસ્તુની દુર્લભતા કહે છે. (૧) મનુષ્ય જન્મ, (૨) મુમુક્ષુતા અને (૩) સત્પુરુષનો યોગ. મનુષઅયનો દેહ તો મળ્યો છે પણ મોક્ષની ઈચ્છા અને મહાપુરુષની શોધમાં નીકળી પડવું જોઈએ. પછી તેમની અનુવૃત્તિમાં રહેવું જોઈએ.
- જેને એવાનો જોગ થયો હોય તેની સંભાળ શ્રીજીમહારાજ રાખે છે. સુંદરજી સુતારનું જીવન બહુ જ પ્રવૃત્તિમય હતું. તેમને અંતિમ અવસ્થાએ ૨૦ દિવસ ઉપશમમાં રાખી પછી ધામમાં લઈ ગયા.

સ્વરૂપનિષ્ઠા શ્રેષ્ઠ છે. તે જ્ઞાન આપીને મોક્ષ કરે. જયારે સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે ત્યારે પંચવિષય, પરચા, ચમત્કાર, ઐશ્વર્ય એ સર્વેમાંથી પ્રતીતિ સહેજે ટળી જાય છે અને ત્યારે જ મૂર્તિમાં રહેવાય છે.













### પ્રવચનમાળા : (સદ્. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી, ચાંદલોડીયા - અમદાવાદ)



- આ છત્રીસ્થાન બાપાશ્રીની પ્રાગટ્ય ભૂમી તેમજ અંતરધાન ભૂમી પણ છે.
- મુનિસ્વામી, જાદવજીબાપા, સોમચંદબાપા તેમજ નારાયણમામાને એમ બધાય મુક્તોને આ સ્થાન પ્રિય હતું અને તેઓએ આ સ્થાનનો વિકાસ કર્યો છે.
- અમે નાના હતા ત્યારે મુનિસ્વામીના ખોળામાં માથું મૂકીને ઘણી વખત આશીર્વાદ લીધા છે.
- જેમ બ્રહ્માનંદ સ્વામીએ વડતાલનું વિશાળ મંદિર બંધાવ્યું ત્યારે આવડુ મોટુ ખર્ચ બ્રહ્માનંદ સ્વામી કરે છે એમ કોઈએ શ્રીજીમહારાજને કહ્યુ, ત્યારે જીવુબા, લાડુબા બોલ્યા. ''સ્વામી જે કરે છે એ ઠીક કરે છે. કરવા દ્યો.'' તેવી જ રીતે જ્યારે સભામંડપ બાંધ્યો ત્યારે ઘણાકને થતું અહીં વગડામાં આવડો મોટો સભામંડપ મુનિસ્વામી બાંધે છે તે અહીં કોણ આવશે? પણ અત્યારે આ સભામંડપ નાનો પડે છે.
- આ છત્રીની છાયામાં જે રહેશે એ સલામત રહેશે.
- આ સ્થાને શ્રીજીમહારાજે ગીતા ભાષ્યની તેમજ શિક્ષાપત્રીના ધર્મનો ઉપદેશ આપ્યો છે.
- આપણે ગુણગ્રાહી થઈ બધાયને વિશે દિવ્યભાવ રાખવો અને આનંદમાં ભગવાનનું ભજન કરવું એમ મુનિસ્વામી કહેતા. આપણે એ રીત જાણવી રાખવી.

ત્યારબાદ શ્રી હરિયાગમાં બેસનારા સહુ યજમાનો તથા ભક્તો દેહશુધ્ધી વિધિમાં જોડાયા.

## તૃતિય દિન (તા. ૦૩-૦૫-૨૦૨૩)


### શ્રી હરિયાગ પ્રારંભ અને મુક્ત ચરણારવિંદ પ્રતિષ્ઠા

મહોત્સવના ત્રીજા દિવસે સવારે વિધિપૂર્વક વેદોક્ત મંત્રના ધ્વનીથી બ્રાહ્મણોએ શ્રીહરિયાગનો પ્રારંભ કર્યો. આ હરિયાગમાં યજમાન પરિવાર તેમજ અન્ય મુક્તોએ પણ લાભ લીધો. ત્યારબાદ સંતો તથા વિશાળ સંખ્યામાં હરિભક્તો વાજતે-ગાજતે કિર્તન-ધૂન કરતા મંદિરથી નિકળ્યા અને બાપાશ્રીના પુત્ર અ.મુ. શ્રી મનજીબાપાની સ્મૃતિ છત્રી પર સંતો-ભક્તો પધાર્યા.



અનાદિમુક્તની વાત જુદી છે. તેનું સ્વરૂપેય જુદુ, તેને પમાડનારાય જુદા, અને પામનારાય જુદા,
એનું સુખ પણ જુદુ અને પ્રાપ્તિયે જુદી. તેની તો વાત જ જુદી છે. અનાદિમુક્ત તો સદાય મૂર્તિમાં જ છે, છે ને છે જ.





એ છત્રીમા મુક્તના ચરણારવિંદ વિધિપૂર્વક પધરાવ્યા. આ સ્મૃતિછત્રીના યજમાન અ.મુ. શ્રી કેસરાભાઈ રામજીભાઈ મનજીબાપા પરિવાર રહ્યો હતો. ત્યારબાદ ત્યાંથી બાપાશ્રીના પૌત્ર અ.મુ.શ્રી જાદવજીબાપાની સ્મૃતિ છત્રી પર સંતો ભક્તો પધાર્યા અને મુક્તના ચરણારવિંદ વિધિપૂર્વક પધરાવ્યા. આ સ્મૃતિ છત્રીના યજમાન અ.મુ. શ્રી ગોવિંદભાઈ કલ્યાણભાઈ જાદવાબાપા પરિવાર તેમજ અ.મુ. શ્રી વિશ્વેસભાઈ મહેતા પરિવાર રહ્યા હતા. આ વિધિ સંપન્ન કરી સહુ હરિભક્તો દિવ્યાનંદ સભામંડપમાં કથાવાર્તાનો લાભ લેવા પધાર્યા.

### વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૩-૦૫-૨૦૨૩ : તૃતિય દિન - પ્રથમ સત્ર)

### કથામૃત

- આ કાળીતલાવડીમાં શ્રીજીમહારાજ અનેક સંતો ભક્તો સાથે નાહ્યા છે. બાપાશ્રીની માતૃશ્રીને વરદાન પણ અહીં આપ્યું છે. તેથી આ સ્થાન બાપાશ્રીની જન્મભૂમી છે. બાપાશ્રીની કર્મભૂમી છે અને અહીં જ અંતરધ્યાન થયા તેથી સર્વ રીતે આ બાપાશ્રીની સ્મૃતિરૂપ ભૂમી છે. મહા પ્રસાદીરૂપ દિવ્યધામ છે. નૈમિષારણ્ય ક્ષેત્ર છે. અહિં મનની ધારાઓ શાંત થાય છે.
- પુરુષોત્તમપ્રકાશ એટલે જ્ઞાન-ઉપાસનાનું શાસ્ત્ર. પરમાત્માના જ્ઞાન અને ઉપાસના વિના જીવમાં બળ નથી આવતું. એ જ્ઞાન આપવા શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતિતાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા અનેક મુક્તોને આ પૃથ્વી પર લાવ્યા. તેઓએ જીવને જેમ જેમ પથ્ય પડે તે રીતે શ્રીજીમહારાજનો મહિમા ગાતા ગયા અને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સ્થાપિત કર્યું.
- શ્રીજીમહારાજે પોતે મંદિરો બાંધ્યા અને પોતે જે જે રૂપે કરીને પોતામાં ભગવાનપણાની પ્રતિતી કરવા જીવોને દર્શન આપતા એ પોતાના સંકલ્પ સ્વરૂપો પધરાવ્યા. આમ પોતે જ પોતાના સ્વરૂપો પધરાવ્યા છે. પોતે પોતાનું કાર્ય પૂર્ણ કર્યું પણ ઉપાસના સમજવી એતો અખંડધારા છે. તે ઉપાસના સમજાવવા અને પોતાના સ્વરૂપમાં અનંત અનાદિમુક્તો રહ્યા છે એ સ્થિતિ કરાવવા અને વચનામૃતના રહસ્યો સમજાવવા બાપાશ્રી આ ભૂમીમાં પ્રગટ થયા.
- બાપાશ્રીએ પ્રદિપ્ત કરેલ આ જ્ઞાન સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, સદ્. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી, નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, મુનિસ્વામી વગેરે સંતોએ સત્સંગમાં પ્રવર્તાવ્યું. જેનો લાભ સત્સંગ

લોક-પરલોક, અવતાર-અવતારી, ભૂત-ભવિષ્ય, ઐશ્વર્ય-ચમત્કાર, એમ અલક મલકની વાતો કરવી એ લાંબા ફેરાનો રસ્તો છે. આપણે તો એક મહારાજની મૂર્તિ રાખવી અને મુક્તને વિષે હેત રાખવું.










લઈ રહ્યો છે.

- જેમ કેટલોક વર્ગ શ્રીજીમહારાજને સર્વોપરી જાણી શકતો નથી. તેમ કેટલોક વર્ગ અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન પણ જાણતો નથી. પણ બાપાશ્રીએ સહુ પર કૃપાદ્રષ્ટિ જ રાખી છે. બાપાશ્રી કહે ''આપણો અહિંસા ધર્મ છે.'' માટે સહુ પર દયા રાખવી.
- બાપાશ્રીએ પધરાવેલ હનુમાનજી પતિવ્રતાભાવે ભજન અને સેવા કરે છે. ક્યારેય વિશ્રામ કરતા નથી. એમનો ઉત્સવ ચાલે છે તેમાં કોઈએ મુંજાવાની જરૂર નથી. અહિ મોટાની કૃપા છે. આપણા મનના ઠરાવ મુકવાના છે.
- બાપાશ્રીએ કરેલ રહસ્યાર્થ એ તો અનુભવવાણી છે, અનુમાનીત નથી. જો શુદ્ધભાવે કોઈ વાંચે તો એ તેને જણાયા વગર રહે નહી. અહો, અહો થઈ જાય, એમ બાપાશ્રીએ શાસ્ત્રોના રહસ્ય પણ ખોલ્યા છે.
- બાપાશ્રીએ સત્સંગમાં વિચરણ પણ કર્યું છે. ૬૦૦ માણસનો સંઘ લઈ મૂળી, ગઢડા, ધોલેરા, ધોળકા, જેતલપુર, ડભાણ, વડતાલ, અમદાવાદ, જુનાગઢ અને વચ્ચે આવતા ગામોમાં પગે ચાલીને યાત્રા કરી છે. બાપાશ્રી ૯૦૦ માણસનો સંઘ લઈ છપૈયે પણ ગયા અને સં. ૧૯૭૨ની સાલમાં જન્મભૂમીમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ વાસુદેવપ્રસાદજી મહારાજની સાથે રહી પધરાવી છે. આમ બાપાશ્રીએ સંપ્રદાયની પૃષ્ટી કરી છે.
- બાપાશ્રીએ આવી રીતે પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવ્યો છે. આપણે તો તૈયાર ભોજન મળ્યું છે. આપણે આપણી આવી દિવ્ય પરંપરા યાદ રાખવી અને શ્રીજીમહારાજના આ દિવ્ય સત્સંગની પૃષ્ટી કરવી.
- શ્રીજીમહારાજ ભાડેરમાં ક્ષત્રિયો હિંસા કરતા તેને રોકી અહિંસામય યજ્ઞ કરી ત્યાંથી માણાવદર થઈ પંચાળા પધાર્યા અને રાસોત્સવ કર્યો જે ખૂબ પ્રસિધ્ધ છે. એ રાસ વખતે શ્રીજીમહારાજ અડધી રાત ગઈ તો પણ બંધ ન કર્યો. બીજે દિવસે ઉત્સવ કરવાનો હોઈ યુક્તિથી બ્રહ્માનંદ સ્વામીએ 'ચોર-ચોર' બૂમ પડાવી એટલે રાસ વિખેરાઈ ગયો. ત્યારે શ્રીજીમહારાજ કહે અમારે આજે કળિયુગ કાઢી નાખવો હતો પણ તમે આ રાસ બંધ કરાવ્યો એટલે અડધો કળીયુગ ગયો. અડધો રહ્યો. પછી પંચાળામાં ઉત્સવ કર્યો અને વાઘરી કોમને પણ સેલણ જમાડીયું. અંતકાળે એ સેલડની સ્મૃતિ કરાવી વાઘરીનો મોક્ષ કર્યો.

''ધન્ય ધન્ય આ અવતારને રે, ન જોઈ જાત કુજાત, પુરુષોત્તમ પ્રગટી રે'' નિષ્કુળાનંદ સ્વામીએ એમ પુરુષોત્તમપ્રકાશમાં ગાયું છે.

- કચ્છ પ્રદેશમાં શ્રીજીમહારાજે ભુજમાં મંદિર બાંધ્યુ અને શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. કચ્છ પ્રદેશમાં બહેનોનો સત્સંગ પણ



ભગવાનના સુખ આગળ અને ભગવાન આગળ બ્રહ્માંડોની ગણતરી બહિર્ભૂમિ ગયા જેવુ છે માટે સર્વેમાંથી આસક્તિ ટાળીને શ્રીજીમહારાજમાં જોડાવું. દેશ-પરદેશમાં ફરવું અને રમવું તે સર્વે મૂકી દેવું.








ખૂબ રહ્યો છે. પહેલા લાધીબા અને માતાજી, પછી સદાબા, કરણીબા વગેરે. ત્યારબાદ સુરજબા, ધનબા ફઈબા વગેરે.

- વડોદરાની વિજય સવારી જોઈ એક બેનને ''રે સગપણ હરિવરનું સાચું, બીજું ક્ષણ ભંગુર કાચું'' એ કડી યાદ રહી ગઈ તો શ્રીજીમહારાજ તેમને અંતકાળે પોતાના ધામમાં લઈ ગયા.

''અતિ આનંદ જનને પમાડ્યું રે,
બ્રહ્મમહોલનું બાર ઉઘાડ્યું રે;
સૌ જાએ ધામમાં આ સમે રે,
સ્વામી સહજાનંદ ને હુકમે રે.'' ૧૩/૨૦

- જેવી રીતે શ્રીજીમહારાજે અનેક જીવના કલ્યાણ કર્યા, તેવી રીતે તેમના મુક્ત દ્વારે પણ કલ્યાણ કર્યા. આપણે પણ મહારાજ–બાપાને પ્રાર્થના કરીએ કે સત્સંગમાં બધાયને પોતાની મૂર્તિનું સુખ આપે.

## વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૩-૦૫-૨૦૨૩ : તૃતિય દિન -દ્વિતિય સત્ર)

### કથામૃત

- શ્રીજીમહારાજ કેવળ કૃપા કરી મનુષ્યરૂપ ધારણ કરી જીવોને પોતાના ધામમાં લઈ જવા પધાર્યા છે.
- સ્વાર્થ વિના સગા વ્હાલા સામું જોતા નથી. કેવળ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ને કોઈ સ્વાર્થ નથી. આપણે જે કાંઈ પત્ર, પુષ્પ તે ભક્તિભાવથી અર્પણ કરીએ અને ભગવાનનો આશરો કરીએ. ભગવાન શરણે આવેલ જીવનું પોષણ અને રક્ષણ કરે છે. આપણે જે કાંઈ અર્પણ કરીએ છીએ તે સેવા અંગીકાર કરી અનંતગણુ સુખ આપે છે.
- ભગવાન પોતાના સુખે સુખીયા છે. આપણે એમણે આપેલ સુખે સુખીયા છીએ. એ સુખ ઝીલવા તેમની મૂર્તિનું ચિંતવન કરવું એ સ્વરૂપ દિવ્ય નિર્ગુણ છે. તે સ્વરૂપનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ કર્યું છે.

''એવા સર્વે અંગે સુખકારી રે, જેણે જોયા તેના ભાગ્ય ભારી રે,
એવી મૂરતી મંગળરૂપ રે, નખશિખા લગી સુખ સ્વરૂપ રે.'' ૧૪/૧૮

- અવતારને તો જેટલી સત્તા આપી હોય તેટલું કાર્ય કરી શકે. પોતે સ્વયં પધારે તે તો અમર્યાદ કામ કરે.

મૂર્તિમાં મુક્તોને એકબીજાની રોકાણ થતી નથી કે એકબીજાનું આવરણ નથી,
તે સર્વે મુક્ત મૂર્તિમાં લુબ્ધ છે અને મૂર્તિનું સુખ લીધા જ કરે છે.









- ઈન્દ્રીય, મન, બુધ્ધિ અને પ્રાણ આ ભગવાને માણસને વિસિષ્ટ સ્વરૂપે આપ્યા છે માટે એ ચારેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. તે દ્વારે ભગવાન મેળવી લેવા.
- મોટા મુક્તોએ ભગવાનનું સ્વરૂપ આત્માને વિષે પધરાવી દિધું છે. પણ આપણે આગ્રહ કરીને જોતા નથી.


  ''એવી મૂર્તિ અવલોકીને, કહો કોણ ન કરે પ્રિત,
  જન જુવે જે ઝાંખી કરી, તેનું ખેંચાઈ જાયે ચિત.'' ૧૫/૩

  ''જે જે રીતે જોયા જગ પતિ રે, તે તે પામિયા પરમ પ્રાપ્તિ રે,
  સુતા જાગતા દાતણ કરતા રે, તેલ ફુલેલ અત્તર ચોળતાં રે.'' ૧૫/૫,૬
- અનાદિમુક્તોમાં અપાર સામર્થ્ય હોય છે. બાપાશ્રીએ ખજૂરીનો જીવ મૃત બાળકમાં નાખી બાળકને સજીવન કર્યો. અને ખજૂરી તરત સુકાઈ ગઈ. બાપાશ્રીએ એક વખત ઈશ્વરચરણદાસજી સ્વામીની સામે બેઠા હતા અને કહ્યું, ''તમારી સામે બેઠા છે એવા સત્સંગનાં બીજે કોઈ નથી.''
- અનાદિમુક્તની સ્થિતિની વાત ગોપાળાનંદ સ્વામી કરતા. બાપાશ્રીએ એ વાત વીણી વીણીને આપણને કહી છે. લક્ષ્મીરામભાઈ અને નિર્ગુણદાસ સ્વામી બન્ને ગોપાળાનંદ સ્વામીના શિષ્ય એક વખત લક્ષ્મીરામભાઈએ નિર્ગુર્ણદાસ સ્વામીને પ્રશ્ન પૂછયો જે ભગવાન અક્ષરધામમાં મુક્તો સાથે કઈ રીતે વાતો કરે છે ત્યારે તેનો ઉત્તર કરવા નિર્ગુણદાસ સ્વામીએ અબજીભાઈને કહ્યું (બાપાશ્રી તરીકે હજી પ્રસિધ્ધ નહોતા ભાઈથી પ્રસિધ્ધ હતા.) ત્યારે બાપાશ્રીએ કહ્યું કે એ સુખ અને એ રીત અલૌકીક છે એ અવરભાવમાં ખબર ન પડે. એ તો અનુભવીને જ ખબર પડે. કોઈ બીજી ભાષામાં બોલે એ પણ આપણે કયાં સમજી સકીએ છીએ?

  ''મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી...''
- શ્રીજીમહારાજે ગ.મ. ૩૫માં વચનામૃતમાં કલ્યાણના ચાર સાધન કહ્યા, (૧) ભગવાનની ઉપાસના, (૨) ભગવાનના ચરિત્ર ગાવવાં અને સાંભળવા, (૩) ભગવાનનું નામ સ્મરણ કરવું અને (૪) પોતપોતાના ધર્મમાં રહેવું. એ બધું હમણા કરવું, ઘડપણમાં નહિં થાય. મહારાજ ગ.પ્ર. ૧૪માં કહે છે. ''અન્તે યા મતિ સા ગતિ'' કહેતા હમણા જેવી મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.



જે આજ્ઞા પાળે છે તેની સેવા કરે તો શ્રીજીમહારાજ તેમાં રહીને એ સેવા અંગિકાર કરે છે. જે અનાદિમુક્ત છે તથા પરમએકાંતિક મુક્ત છે, તેમની અને શ્રીજીમહારાજની સેવા તો એક જ છે પણ જુદી નથી.

ભેટ સોગાદ























- બંધિયાના ડોસા વાણીયા મૂર્તિ ધારી ધંધો કરે. એક વખત બંધિયાના હરિભક્તો ગઢડા મહારાજના દર્શને આવ્યા પણ ડોસા વાણીયા ન આવ્યા. તેથી મહારાજે તે ભક્તોને પૂછ્યું કે ડોસાભાઈ કેમ ન આવ્યા. ત્યારે તે ભક્તો કહે, ‘‘અમે તો વ્યવહારમાં ગડાડૂબ છીએ પણ ડોસાભાઈ તો ચોટીડૂબ છે. એ શેના આવે?’’ ત્યારે મહારાજે ડોસાભાઈને ચીઠી મોકલી કે જ્યાં હો ત્યાંથી સીધા કાશીની યાત્રા કરી અમારે ત્યાં આવો. ડોસાભાઈ પળભરનો વિલંબ કર્યા વગર કપાસ જોખવાનું પડ્યું મેલી ઘેર ગયા વગર ચાલી નીકળ્યા. એવી એમની દઢ ઉપાસના હતી.
- બીજું ભગવાનના ચરિત્રો ગાવવાં. નંદ સંતોએ નજરે નિહાળી અનેક લીલાઓના કિર્તન લખ્યા છે અને ચરિત્રોની કથા લખી છે.

  ‘‘ડોલરીયો જમવા ઉઠયા રંગ રેલ...’’

  ‘‘નાના કરતા જમાડતા જોરે રે, એવી મૂરતિ સંભારો નિશ ભોરે રે...’’

  ‘‘આપે મુખમાં લાડુ જલેબી રે, આવે સુખ સંભારે એ છબી રે...’’
- ભગવાનની ચાલ, તેમની દંતપંક્તિ, તેમના હાથની લટક એ જોઈને ભગવાનપણાના નિશ્ચય થઈ ગયા છે.

  ‘‘એવો મોટો આ અવતાર રે, સર્વે રીતે છે સહુને પાર રે...’’ ૧૯/૧૬
- કચ્છ કંથકોટના કચરા ભક્ત ને ઘેર મહારાજ પધારે છે. ભૂખ લાગેલ હોવાથી કચરાભક્તને રસોઈ કરવાનું કહે છે અને તેમનું કામ રીંગણ વેંચવાનું ભગવાન પોતે કરે છે. કચરાભક્તને સંકલ્પ થાય છે કે મહારાજ દયાળુ છે અને જો રીંગણા વેંચવામાં વધારે આપશે તો મને ખોટ આવશે. પણ મહારાજ તો તોલવામાં જરાય વધુ ન આપતા તેથી લોકો કહેતા કે કચરા ભક્ત કયાં ગયા છે? આ તો લોભી છે. આ જોઈ કચરા ભક્તને થયું હવે વાંધો નથી.
- ધોરાજીમાં ભીમાભાઈ પટેલને ત્યાં શ્રીજીમહારાજ બીરાજમાન હતા. એટલે ગોંડલના રાજા મહારાજના દર્શન માટે ધોરાજી જાય છે. રાજા આવતા હોવાથી ભીમાભાઈને ચિંતા થાય છે તેથી શ્રીજીમહારાજ કહે, તો અમે ખીમા કુંભારને ત્યાં જઈએ. ખીમાં કુંભાર તો રાજીના રેડ થઈ ગયા. પછી ગોંડલના રાજા ખીમા કુંભારને ત્યાં ગયા તો રાજાને બેસવા કોથડો (કંતાન) પાથરી આપ્યું. રાજા તો મહારાજના દર્શનનો ઈચ્છુક હતો તેમને કોથડા ઉપર બેસવામાં પણ આનંદ હતો.

  ‘‘જે જે આ સમે પામ્યા જનમ રે, નથી કોઈ કેવાતું તેને સમે રે...

  જેમ પારસને કોઈ પામે રે, તેના સર્વે સંકટ વામે રે...’’ ૨૦/૧૭.

જીવની વૃત્તિએ કરીને ભગવાન જોવા તો મૂર્તિમાં વૃત્તિ રહેશે મૂર્તિ સળંગ ધરાશે. એમ કરતાં કરતાં જ્યારે જીવસત્તાએ મૂર્તિ જોવાય છે ત્યારે મૂર્તિથી ઓરૂં જ્ઞાન રહેતું નથી અને ક્રિયા મહારાજની ઈચ્છાથી થાય છે.





ઉત્સવના યજમાનશ્રી, સહયજમાનશ્રીઓ વગેરે

- એક બાળક પાસે પાણી હતુ તે મહારાજના પીવામાં કામમાં આવ્યું તેમાં મહારાજે તેનું કલ્યાણ કર્યું અને બાળકને ૫૦ વીઘા જમીન મળશે એમ પણ આલોકમાં સુખી કર્યો.

    આવી અનેક લીલીઓ મહારાજે કરી છે તેને સંભારવી અને પોતપોતાના ધર્મમાં રહેવું.
- એ મૂર્તિ વિના બીજું કાંઈ ન સંભારવું. બાપાશ્રી કહે આપણે તો એક મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ જ છે.
- શ્રીજીમહારાજના મુક્તો ને તો એ મૂર્તિ જ આપવી છે. તેમને બીજો કોઈ ઠરાવ નથી.

**પ્રવચનમાળા : (અ.મુ. શ્રી પ્રશાંતભાઈ બીપીનભાઈ સ્વદાસ, વિદ્યાનગર)**

- સં. ૧૯૭૧ની સાલમાં બાપાશ્રીએ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા.
- સં. ૧૯૭૭ની સાલમાં બાપાશ્રીએ હનુમાનજી પધરાવવા તથા ધર્મશાળા કરવી એવો સંકલ્પ કર્યો અને સં. ૧૯૭૮માં એ કાર્ય પુરુ થતા મોટો યજ્ઞ કર્યો. આજે એને ૧૦૧ વર્ષ થયા.



- આવા યજ્ઞો દ્વારા અનેક જીવોનું કલ્યાણ મોટા મુક્તો કરતા હોય છે.
- આ સ્થાનને હું આંતરરાષ્ટ્રીય કક્ષાનું આધ્યાત્મીક સ્થાન જોઈ રહ્યો છું એમ મામાશ્રીએ કહ્યું છે.
- એક વખત મધ્યરાત્રીએ બાપાશ્રી જાગીને ઉઠે છે અને વાડીએ જાવા તૈયાર થાય છે કારણ કે ભૂડીંયા ખેતરમાં ભંજવાળ કરતા હતા. ત્યારે ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે હતા એ પૂછે છે, ''બાપા ! અત્યારે રાત્રે ક્યાં જાવો છો?'' આમા સમજવાનું એ છે કે રાત્રીના સમયમાં પણ સંતો ધ્યાનસ્થ બેસી રહેતા અને બાપાશ્રીની નિશ્રા સેવતા, નંદસંતો પણ મહારાજ સૂવે એટલે ધ્યાનમાં બેસી જતા.
- એક વખત મુનિસ્વામી બળદિયા પધારેલ અને તે સમયે ગ્રહણ હતું. ત્યારે બાપાશ્રીએ તેમને રામપર ગંગાજી તિર્થસ્થાને ગ્રહણ કરવા જવા કહ્યું. ત્યારે મુનિસ્વામી કહે અમે તો તમે જયાં હો ત્યાં જ તીર્થ માન્યું છે માટે અહિંજ ગ્રહણ કરવું છે. ત્યારે બાપાશ્રી કહે સમજવું તો એમ પણ આ લોકનો વિધિ પણ કરવો.

**<u>રાત્રી કાર્યક્રમ : (તૃતિય દિન)</u>**

- રાત્રી કાર્યક્રમમાં ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓએ ''બાપાશ્રીનું જીવન'' ઉપરની કૃત્તિ રજુ કરી તે સહુએ નિહાળી અને સંતોએ આશીર્વાદ આપ્યાં.



ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય. ધ્યાન કરવામાં દાખડો કરવાનો આગ્રહ હોય તેને મોંઘી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે મળે છે. આ દેહે શું ન થાય? બે વાગ્યે વહેલા ઊઠીને માળા કરવી, ધ્યાન કરવું, કીર્તન કરવા પણ સુઈ ન રહેવું.





## મહાપૂજા







## ચતુર્થ દિન (તા. ૦૩-૦૫-૨૦૨૩)

### મહાપૂજા

ચોથા દિવસના સવારે સર્વે યજમાનો, સહયજમાનો, દાતાશ્રીઓ તથા મહોત્સવમાં પધારેલ અનેક મુક્તોએ કાલીતલાવડીના કિનારે મહાપૂજાનો અલભ્ય લાભ લીધો. હરહંમેશની માફક મહાપૂજા વિધિ સદ્. શા. શ્રીજીપ્રકાશદાસજી સ્વામીએ કરાવ્યો. જેઓ મહાપૂજામાં બેસી શક્યા નહતા તેઓ બેસીને મહાપૂજાના દર્શન અને તલાવડીને પ્રદક્ષિણા કરી મહાપૂજાની પણ પ્રદક્ષિણા કરી. આ દિવ્ય લાભ લઈ સહુએ ધન્યતાનો અનુભવ કર્યો. મહાપૂજા સંપન્ન થયા બાદ સહુ અલ્પહાર કરી દિવ્યાનંદ સભામંડપમાં કથાવાર્તાનો લાભ લેવા પધાર્યા.

### વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૪-૦૫-૨૦૨૩ : ચતુર્થ દિન - પ્રથમ સત્ર)

### કથામૃત

- ઉપાસના વિના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. તેમજ બીજા અવતારોનો તેથી દ્રોહ થતો નથી. શ્રીજીમહારાજે આ વાત વચનામૃતમાં કહી છે.
- બાપાશ્રીએ જે વાતો કરી છે તે શાસ્ત્રોક્ત છે. શાસ્ત્ર વિરૂદ્ધ કોઈ વાત નથી કરી.
- ભગવાન સાથે મન-કર્મ-વચને જોડાવું અને તપ, ત્યાગ, જ્ઞાન વગેરેનું અભિમાન ત્યજવું.
- અંતઃકરણ શુધ્ધ રાખવું. દંભે કરીને ભક્તિ ન કરવી. જેનું અંતઃકરણ શુધ્ધ છે તેને માયાનો પડદો ટળી જાય છે અને સાક્ષાત ભગવાનનું દર્શન થાય છે.
- પોતાના ચૈતન્યને ચિદાકાશ સાથે જોડીને ધ્યાન કરવું. અને બીજા સર્વેને દિવ્ય જાણવા, અનાદિ જાણવા.
- નિર્ગુણાનંદ બ્રહ્મચારી રચિત પુરુષોત્તમલિલામૃત સુખસાગર ગ્રંથ જે વાંચશે, સાંભળશે, સ્પર્શ કરશે તેને મૂર્તિનું સુખ મળશે એવા બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા છે. તેમજ વચનામૃત રહસ્યાર્થ જેના ઘરમાં હશે તેને બધાય તિર્થનું ફળ મળશે અને જે વાંચશે તેને પાંચસો પરમહંસ જમાડ્યાનું ફળ મળશે, અને જે તેની પારાયણ કરી સરોવરમાં નાહશે તેનું પાણી માથે ચડાવનારનું

જેને મૂર્તિનું સુખ લેવું હોય તેને તો બધી તાણાતાણ મૂકી શ્રીજીમહારાજનું ધ્યાન કરવું.
જ્યાં સુધી સાધનનો ભાર હોય ત્યાં સુધી ધ્યાન કરે તો પણ મૂર્તિ દેખાય નહિ અને સત્સંગ પણ દિવ્ય સમજાય નહીં.








પણ કલ્યાણ થશે અને જે શુધ્ધ આજ્ઞામાં રહી તેની પાંચ પારાયણ કરશે તેને મૂર્તિનો સાક્ષાત્કાર થશે.

- જેમ વેદના રહસ્યો ઉપનીશદની ઋચાઓથી સમજાયા તેમ વચનામૃતરૂપી વેદનું રહસ્ય વચનામૃત રહસ્યાર્થ થકી સમજાય છે.
- પરિપક્વ નિશ્ચયવાળાને પોતાનું કલ્યાણ તો મનાય જ છે, પણ તેમની પણ જે વાત સાંભળે તેનું પણ કલ્યાણ થાય છે. પર્વતભાઈ વૃક્ષ નીચે બેઠા વાત કરતા હતા, તે ઝાડ હસ્યું અને કહ્યું મારા નીચે અનાદિમુક્ત બેઠા એટલે મારુ પણ કલ્યાણ થઈ ગયું. એવો પરિપક્વ નિશ્ચયવાળા અને મોટા મુક્તોનો પ્રતાપ છે.
- પરમ તત્ત્વની પ્રાપ્તિ થવી દુર્લભ છે. અનેક જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે આવી સભામાં બેસવા મળે છે. જ્યારે જ્યારે સમૈયા થાય ત્યારે આવી કથાવાર્તા અને જ્ઞાનવાર્તા થાય છે. તે સાંભળીને અનેકના કલ્યાણ થાય છે.
- વચનામૃતમાં શ્રીજીમહારાજ ક્યારેક મુક્તરૂપે તો ક્યારેક ભગવાનપણે બોલ્યા છે. એ બધા રહસ્યો બાપાશ્રીએ રહસ્યાર્થમાં સમજાવ્યા છે, અને અવતાર-અવતારી અને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાવ્યું છે.
- ભગાદોશીએ ગઢપુરમાં બધા સંતોને જમાડયા પણ ગોપાળાનંદ સ્વામી વડોદરા બીરાજતા હતા એટલે ગોપાળાનંદ સ્વામીને જમાડવાની ઈચ્છા હતી. એવી જ રીતે વડોદરામાં રાવ સાહેબે (સયાજીરાવ) ગોપાળાનંદ સ્વામીને જમાડ્યા પણ બ્રહ્માનંદ સ્વામી વડોદરા નહતા તેમને જમાડવાની ઈચ્છા કરી. શ્રીજીમહારાજ બન્ને સંકલ્પ પૂર્ણ કરે છે.
- ઉપસના ટકી રહે તે માટે શ્રીજીમહારાજે મંદિરો બાંધ્યા. ભગવાન સદા મૂર્તિ દ્વારે સત્સંગમાં પ્રત્યક્ષ વિરાજે છે.

### પ્રવચનમાળા : (સદ્. શ્રી હરિપ્રસાદદાસજી સ્વામી - સુરત)



- પુરુષોત્તમપ્રકાશની કથા આપણા આધી, વ્યાધી અને ઉપાધીને સમાવનારી છે.
- જેના મુખે સ્વામિનારાયણ નામ છે અને કાને સ્વામિનારાયણ શબ્દ પડ્યો છે તેમને ૧૪ કરોડ જમ કોઈ અડી શકતા નથી.
- શ્રીજીમહારાજ કહે છે કે નામી સહિત નામ જે ઝાઝું લેશે તેને દેહ છતા ધામના દર્શન થશે અને થોડું લેશે તેને અંતસમે થશે.
- વડોદરામાં કોઈ વીરાંગના ''રે સગપણ હરિવરનું સાચું...'' સંતોના મુખેથી સાંભળે છે અને તે કડી



**સાધનમાત્રાનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે, એ મૂર્તિની અખંડ સ્મૃતિ પ્રત્યક્ષ ભગવાનના દર્શન તુલ્ય છે. મહારાજ અને મોટા મુક્ત અદ્રશ્ય હોય પણ તેમને ખરા ભાવથી સંભારે તો પ્રત્યક્ષના જેવું ફળ આપે.**





તેમને હૈયામાં ઉતરી ગઈ. તે કડી ગાયા કરે. શ્રીજીમહારાજ અંતકાળે તેમને જમનાદૂત થકી છોડાવી ધામમાં લઈ જાય છે.

- આપણે જેનું ખાઈએ છીએ એના ગુણ ગાવવા.

### પ્રવચનમાળા : (અ.મુ. શ્રી કલ્યાણભાઈ વેકરીયા - બળદિયા)

- સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર શાસ્ત્રને યથાર્થ ન સમજનારા આધુનિક પંડિતોની સમજણમાં જે દોષ છે તે શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે.



<u>સાંખ્ય</u> :- માયીક આકારનું ખંડન કરવામાં ભગવાનના અવતાર પૃથ્વી પર પ્રગટ થાય છે તેમના આકારનું પણ ખંડન કરે છે.

<u>યોગ</u> :- આકારનું પ્રતિપાદન કરવામાં ઈન્દ્ર, દેવ આદિ બધાને સમ કરી નાખે છે. અવતાર-અવતારીને સમ કરવા એ પણ એવો જ દોષ છે.

<u>વેદાંત</u> :- ભગવાનને સર્વ વ્યાપક કહેવામાં ભગવાનનું સાકારપણાનું ખંડન કરે છે.

<u>પંચરાત્ર</u> :- ભગવાનને એક દેશસ્થ કહેવામાં સર્વવ્યાપકપણું નથી સમજતા.

એ ચારેય શાસ્ત્રને યથાર્થ સમજે ત્યારે એકબીજામાંના દોષ નીકળે એમ વચનામૃતમાં કહ્યું

- એવી જ રીતે વિશ્વના પ્રમુખ જે ધર્મ છે તેમાનાં અનુયાયીમાં ગુણ અને દોષ રહ્યા જાય છે તેની વાત સ્વામિનારાયણ ભગવાને કરી તે સ્વામિનારાયણ સંહિતામાં લખી છે. અને એકબીજા ધર્મમાં રહેલ ગુણનું ગ્રહણ કરવું અને દોષનો ત્યાગ કરવો એવો ઉપદેશ કરેલો છે. આમાંથી બોધ એ લેવાનો છે જે આપણો કારણ સત્સંગ એ કૃપાનો સત્સંગ છે. જેમ ગુણની સાથે સાથે દોષ પણ પ્રવેશી જાય છે તેમ કૃપાની સાથે સાથે પુરુષાર્થ ન કરવારૂપી દોષ પ્રવેશી ન જાય તે જાણપણું રાખવું. જેમ વીરની ક્ષમાની કિંમત છે, તેમ કૃપાસાધ્યવાડાના પુરુષાર્થની કિંમત છે, એ સમજી રાખવું.

“પોતાને પૂર્ણકામ માનીને, ઘાટ-સંકલ્પ ઉઠે તેને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે, તે ધારતા ધારતા દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહી.” ગ.પ્ર. ૧૫

ધ્યાનની લટક એવી શીખવી જે મહારાજની મૂર્તિમાં રહી સુખ લેવું, અને બોલે છે, ચાલે છે તે તો મહારાજ કરે છે.
મહારાજના મસ્તકમાં મસ્તક, હાથમાં હાથ એમ રસબસ રહેવાય ત્યારે હીરે હીરો વેંધાણો કહેવાય.









આમા પૂર્ણકામતા એ કૃપાનો દ્યોતક છે અને ભગવાનના સ્વરૂપને ધારવું મૂકે નહી એ પુરુષાર્થનો દ્યોતક છે.

એવી જ રીતે ''પોતાને વિશે અપૂર્ણપણુ માનવું નહી ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને કરીને પોતાને કૃતાર્થ માનીને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.'' – ગ.મ. ૮

આમાં અપુર્ણપણુ ન માનવું, ભગવાનની પ્રાપ્તિથી કૃતાર્થ માનવું એ કૃપાનો ધોતક છે અને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ (દર્શન-પૂજન, કથા-કિર્તન, મૂર્તિ ધારવી)એ પુરુષાર્થના ધોતક છે.

આમ ભગવાન તરફથી કૃપા અને આપણા તરફથી પુરુષાર્થ એ બન્નેનું સાથે હોવું એવા મુક્તોનો આપણો વારસો છે. તે જાણી જાણવી રાખવો.

## ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા



- આપણુ લક્ષ્ય માનવજીવનનું કલ્યાણ કેમ થાય એ હોવું જોઈએ.
- સંપત્તિ હોય પણ સંસ્કાર ન હોય તો સંપત્તિનો દુરુપયોગ થાય.
- જન્મ, જીવન અને મૃત્યુ એ સંસારનો ક્રમ છે. પણ સંતો પરોપકાર કરી આપણને ઈશ્વર સુધી પહોંચાડે છે.
- બાપાશ્રીનું આ સ્થાન પવિત્ર છે. અહિં અક્ષરજ્ઞાનની સાથે સાથે જીવનનું ઘડતર થતું હોય છે.
- બાપાશ્રીએ પધરાવેલ હનુમાનજી મહારાજને ૧૦૦ વર્ષ પૂરા થયા. તેમના ચરણોમાં મારુ વંદન છે.

## શોભાયાત્રા અને ઠાકરથાળી

તા. ૪/૫/૨૦૨૩ના બપોરના ૩:૩૦ વાગ્યેથી યુવાનોમાં થનગનાટ જોવામાં આવ્યો. કારણ કે યુવાનોએ જુદા જુદા શણગાર અને કલાત્મક પ્લોટ ટ્રેક્ટર પર બનાવી લાઈનબંધ ગોઠવાઈ ગયા. સાથે સાથે ડી.જે. પર કિર્તન-ભક્તિ ધૂન, સાઈકલ, બાઈક, ઘોડા સવારી, ટ્રેક્ટર પર મહારાજ-બાપા અને હનુમાનજીની શોભાયાત્રા. સંતો તથા યજમાનશ્રીઓ સહુ ટ્રેક્ટર પર ગોઠવાઈ ગયા. વરસાદી વાતાવરણે ચેતના પૂરી. ઝરમર વરસાદ શરૂ થયો, ગરમી હટી ગઈ અને વાતાવરણ ઠંડુ



આ સભા અક્ષરધામથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે. જો ખોટું કહેતા હશું તો તેનો ગુનો અમને છે. પણ જે સાચું માનશે તેને બહુ લાભ મળશે. માટે ભલા થઈને આ વાત સાચી માનજો તો ભેળા હાલશો.

ખુશનમા થઈ ગયું. બળદિયા ગામમાં શોભાયાત્રામાં કિર્તન – ભક્તિ – ધૂન સાથે આનંદ ઉત્સાહ હતો અને બધાય યુવાનો છતેડીધામ તરફથી અપાયેલ ટી-શર્ટ અને એક જ પ્રકારની કેપથી અલગ તરી આવતા હતા. બહેનો મુક્તો પણ કિર્તન-ધૂન પર રાસ રમી રહ્યા હતા. સાંજે ૬:૩૦ વાગ્યે છતેડીધામે શોભાયાત્રા પરત આવી. સહુ સાંજનો પ્રસાદ લઈ ઠાકરથાળી માટે તૈનાત થયા. છતેડીધામ સંસ્કારધામના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જયેશ જે ગીત-સંગીત ઠાકરથાળીમાં આગવી પ્રતિભા ઉભી કરી છે. તેમની આધુનિક સંગીતની ટીમ સ્ટેજ પર ગોઠવાઈ અને કિર્તનના ગરબી ઢાળમાં સુર રેલાયા. શોભાયાત્રાનો થાક ન ગણીને સહું મન મૂકીને રાસ રમી મહારાજ-બાપાને પ્રસન્ન કર્યા. અંતમાં આરતી કરી પ્રસાદ વહેંચવામાં આવ્યો અને ઠાકરથાળી તેમજ ચોથા દિવસના દિવ્યાનંદની સ્મૃતિ સાથે રાત્રી આરામ માટે વિખેરાયા.

## પંચમ દિન (તા. ૦૫-૦૫-૨૦૨૩)

### પૂજન / અભિષેક / પાટોત્સવ / અન્નકુટ

ઉત્સવનો પાંચમો અને મુખ્યદિન એટલે વૈશાખ સુદ-૧૫. આ દિને પાટોત્સવની પારાયણ દર વર્ષે થાય છે. પણ આ વર્ષે બાપાશ્રી પ્રતિષ્ઠિત ભીડભંજન શતાબ્દિ મહોત્સવ પણ સાથે સાથે આવરી લેવામાં આવ્યો. સવારની મંગળા આરતી બાદ આ વિશેષ કાર્યક્રમમાં મહોત્સવના યજમાનશ્રીઓ ઉપસ્થિત થયા. મહોત્સવના અધ્યક્ષ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, સદ્. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતોએ પ્રથમ ચરણારવિંદ પૂજન કર્યું. ત્યારબાદ ભીડભંજન હનુમાનજીનું પૂજન કર્યું. ત્યારબાદ વેદોક્ત મંત્રથી શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક સર્વે સંતો તથા યજમાન / સહયજમાન હસ્તે કરવામાં આવ્યો. અભિષેકની આરતી કરી ઠાકોરજી આગળ પાટોત્સવ ઉપલક્ષે અન્નકુટ ગોઠવાયો. અન્નકુટના દર્શન કરી સહુ દિવ્યાનંદ સભામંડપમાં પધાર્યા.



મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે તે પ્રકૃતિનું છે, તેમાંથી નીકળી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું. મહારાજ તથા મુક્તોએ તો એવો સંકલ્પ કર્યો છે કે કોઈ રહી જાય નહીં, સહુને મૂર્તિમાં રાખવા છે.



## વક્તા : સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (તા. ૦૫-૦૫-૨૦૨૩ : પંચમ દિન - અંતિમ સત્ર)

### કથામૃત

- કાર્યમાં કારણ ભુલાય નહિ તે આપણું કર્તવ્ય છે.
- શ્રીજીમહારાજની મરજી વિના સુકુ પાંદડું પણ હલતું નથી.
- નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે જેવો છે તેવો શ્રીજીમહારાજનો મહિમા ગાઈ શકાયો નથી.
- આપણા માટે આ કથા-વાર્તા ભોજન છે, અમૃતરસ છે જે કેવળ કૃપાથી પ્રાપ્ત થયેલ છે.

  ''અમૃતરસ મેલી રે, વિષ હું નહિં ચાખું... બ્રહ્માનંદ સ્વામી''
- આપણને મૂર્તિમાં કૃપા કરી રાખ્યા છે તેનું અનુસંધાન રાખવું.
- કપટી ભવસાગર ન તરે બીજા તરી જાય એમ અયોધ્યાપ્રસાદજી મહારાજે કિર્તનમાં ગાયું છે.
- આ પૃથ્વી પર ભગવાન પધારે છે ત્યારે મોટા-મોટા દેવો પણ તેમના દર્શને પધારે છે. તે જેતલપુરમાં અનિરુધ્ધ, પ્રદ્યુમન્ન અને સંકર્ષણ પધાર્યા તે મહારાજની ઈચ્છાથી બધાયને જણાયું. ત્યારે મહારાજ કહે એ તો નિત્ય પધારે છે.
- બાપાશ્રી કહે આ સભા અક્ષરધામની છે અને આ પ્રતિમા એ સાક્ષાત ભગવાન છે. અને બીજી બધી સભાથી આ સભા શ્રેષ્ઠ છે એમ ગ. છે. -૨ માં કહ્યું છે. આવું સમજાયું તેને સર્વ સમજાયું.
- વડોદરમાં હાથીની અંબાડીએ અને સગરામ ભક્તના કુબે મહારાજ રહ્યા પણ આનંદ એવો ને એવો જ. આવી લીલાઓ સંભારી રાખવી.
- ભાગવત્ ધર્મનાં પોષણ માટે દરેક ભક્તોના ભાવ જોઈ શ્રીજી મહારાજ સુખ આપે છે.





**સેવા**










શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે અને પુરુષપ્રયત્ન કરે તે ઉપર જ થાય છે. દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહીં. દેહ રાખ્યાનું જેટલું જતન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ દેખાય.





# સાંસ્કૃતિક કાર્યક્રમ - ઘનશ્યામ એકેડેમી, છતેડીધામ









- સંત-હરિભક્તનો પક્ષ રાખે, ગુણ ગ્રહણ કરે તેનું પણ કલ્યાણ થાય છે.
- મોટા-મોટા મંદિર બાંધી પોતાના સ્વરૂપ પધરાવ્યા તેમનું દર્શન કરનારનું કલ્યાણ થાય છે.
- આ સત્સંગનો માર્ગ અવિચળ ચાલ્યા કરે તે માટે બે દેશ ગાદી સ્થાપી, ત્યાગી-ગૃહિને મંત્રદિક્ષા તેમના થકી લેવી.
- આજ્ઞા-ઉપાસના માટે શિક્ષાપત્રી અને વચનામૃત ભક્તિરસ માટે લીલાચરિત્રના શાસ્ત્રો અને કિર્તનો રચાવ્યા. પંચવર્તમાન રૂપી ધર્મની વાડ બાંધી આમ અલૌકિક એકાંતિક રીત સ્થાપી. ''જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ...'' તેમજ ''અંતકાળે મારા જનને જરૂર મારે આવવું...''
- આ બાપાશ્રીએ સ્થાપેલ છતેડીધામ છપૈયા-ગઢપુર તુલ્ય દિવ્યધામ છે.
- આ મહોત્સવમાં પધારેલ સહુ હરિભક્તોને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે એવી પ્રાર્થના સાથે વક્તાશ્રીએ ક્ષમાયાચના કરી પારાયણની પૂર્ણાહૂતિ જાહેર કરી.

ત્યારબાદ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, સદ્. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતમંડળ, છતેડીધામના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ આદી ટ્રસ્ટીઓ શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશનથી શ્રી જગદીશભાઈ આદિ સર્વે મુક્તો, અખંડ ધૂન અને શ્રીહરિયાગની પૂર્ણાહુતી કરવા પધાર્યા. બ્રાહ્મણોએ વેદમંત્રથી અંતિમ વિધિ સંતો હસ્તે કરાવી આરતી કરી શ્રી હરિયાગની શ્રીફળ હોમી જયઘોષ સાથે પૂર્ણાહુતી કરી ફરી પાછા દિવ્યાનંદ સભા મંડપમાં પધાર્યા. કથા પારાયણની પૂર્ણાહુતી બાદ દરેક સત્રના અંતે તન-મન અને ધનથી સેવા કરનાર હરિભક્તોનું સન્માન કરી તેમને સાલ ઓઢાણી મોમેન્ટો અર્પણ કરવામાં આવતો. અંતિમ દિવસે અંતિમ સત્રમાં પારાયણના મુખ્ય યજમાનશ્રી રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી - કેરા (મોસી) આદિ મુક્તોના સન્માન કરવામાં

જે જે શ્રીજીમહારાજના સંબંધને પામ્યા તે સર્વે દિવ્ય છે. એમ સર્વત્ર દિવ્યભાવ રાખવો અને નિયમ-ધર્મે કરીને પાત્ર થવુ. સાધનમાત્રનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે, એ મૂર્તિની અખંડ સ્મૃતિ પ્રત્યક્ષ ભગવાનના દર્શન તુલ્ય છે.





















આવ્યા અને છતેડીધામના ટ્રસ્ટીશ્રીઓ તેમજ સ્વામિનારાયણ ડીવાઈન મીશનના સદસ્યોએ પોતાના વકતવ્યો રજૂ કર્યા જે અહિં પ્રસ્તુત છે.

### અ.મુ. શ્રી રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી - કેરા (ટ્રસ્ટીશ્રી - છતેડીધામ)



- આ મહોત્સવમાં મહારાજે એવી લીલા કરી કે વાયુદેવ, ઈન્દ્રદેવ વગેરે પધારી પોતાનું કામ કાઢી ગયા.
- શાસ્ત્રી સ્વામીના મુખેથી અહીં ''નૂતન ઉત્સવ મંડપ''ની જાહેરાત શ્રીજીમહારાજે કરી છે. એ સભામંડપ ચોક્કસપણે બેનમૂન બનશે.
- જેમ જૂના ઘરમાં દેશી નળીયા અવડા-સવડા ગોઠવવામાં આવતા જેથી પાણીનું એક ટીપું ન પડે. તેમ સત્સંગમાં સવડા અને અવડા સ્વભાવવારા ભક્તો મહારાજ રાખે છે જેથી સત્સંગને આંચ ન આવે. બગીચામાં બધીજ પ્રકારના ફુલોથી બગીચાની શોભા છે.

### અ.મુ. શ્રી જીતુભાઈ વ્યાસ - આણંદ

- પ્રારંભે ૯૯% લોકો સકામભાવવાળા હોય છે. તેમની મનોકામના પૂરી કરવા ગોપાળાનંદ સ્વામી, બાપાશ્રી જેવા મુક્તોએ



બેઠા છો અવરભાવમાં ને છો પરભાવમાં તે આપણા ચક્ષુથી ન દેખાય.
દિવ્ય દેહ થશે ત્યારે અનંત લોચન થશે અને તે લોચનથી મૂર્તિ અને અનંત મુક્ત દેખાશે.





## સાંસ્કૃતિક કાર્યક્રમ - શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, છતેડીધામ








હનુમાનજી પધરાવ્યા છે. માટે તેમના કરેલા કાર્યમાં બીજો કોઈ સંકલ્પ ન કરવો.

- બહેનોના મંદિર ઉપર બાપાશ્રીનું જીવનચરિત્ર બતાવતુ દિવ્ય દર્શન ખૂબ સરસ રીતે બનાવ્યું છે.
- ચિત્રકાર લાલજીભઆઈ સોની જે નામાંકિત ચિત્રકાર હતા પણ ઉંમરના લીધે હાથ કંપતા પણ મામાશ્રીએ એમના હાથ પર પોતાનો હાથ ફેરવી તેમના દ્વારા જ આ ચિત્રો બનાવરાવ્યા.
- આ છત્રી સ્થાન તથા મીશન બેય પવિત્ર સંસ્થા છે. આ બન્ને સંસ્થાનો સાથે રહીને વિકાસ કરવો જોઈએ.
- આ પંચદિનાત્મક પારાયણ એ પંચવર્તમાનરૂપ આધ્યાત્મિક કથા એવો ગુઢાર્થ છે.
- જેમને જેમના થકી જ્ઞાન થયું તે તેમને મુખ્ય હોય પણ તેથી બીજાને ક્યારેય ગૌણ ન કરવા.






અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં જીવોના કલ્યાણ કરીને મૂર્તિમાં મુકી દઈએ છીએ.
અમારા દર્શને સ્પર્શે અને સંકલ્પે કરીને અનંત જીવનો ઉધ્ધાર થાય છે.














## અ.મુ. શ્રી છગનભાઈ પટેલ - અમદાવાદ (મંત્રીશ્રી છતેડીધામ)



- સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી ૯૩ વર્ષની ઉંમરે પણ અહીં પધાર્યા છે. તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.
- વક્તા સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની ખૂબ સરસ કથા કરી.
- શ્રીજીમહારાજે મૂળીમાં સદ્. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીને સુખ સૈયામાં પોઢેલ એવા દર્શન આપ્યા એ કાંઈ સામાન્ય વાત નથી. પછી બાપાશ્રીનો મહિમા મહારાજે કહ્યો અને ૧૮ સંતો મૂળીથી બળદિયા દર્શન કરવા આવ્યા. આપણે બધાય તેમના ઋણી છીએ.
- નિષ્કુળાનંદ સ્વામીએ પ્રગટ અને પ્રત્યક્ષની વાત કરતા કહ્યું છે ;

  "સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું;

  છતે દેહે ધામ, થાય પૂરણ કામ."

  એવી રીત જ્યાં, પ્રગટ પ્રભુ રહે ત્યાં. આ બધુય અહીં છે.
- આ વાત આ કથાના મધ્યમથી સ્વામીએ તાદ્રશ્ય કરી દીધી.
- અહીં નાના-મોટા, ભાઈઓ, બહેનો સર્વેને બાપાશ્રીએ દિવ્યભાવે ખેંચ્યા છે. પત્રિકામાં જેમના જેમના નામ લખાયા છે તે સેવા આપનાર બધાય દિવ્ય છે. આ બધાયને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ.



સમાધિ કરતા અખંડ સ્મૃતિ શ્રેષ્ઠ છે અને તેથી મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈ જવાય તે શ્રેષ્ઠ છે.





## શોભાયાત્રા





### અ.મુ. શ્રી જગદીશભાઈ ઠક્કર - અમદાવાદ



- ૧૯૯૪ (સં. ૨૦૫૧)ના સાર્ધ શતાબ્દી મહોત્સવ પછી એક વખત મામાને તાવ હતો અને કહે આપણે છત્રી જવું છે. ત્યારે અમે તાવ હોવાથી ના પાડી, ત્યારે મામાશ્રી કહે મારે તમારુ માનવું કે બાપાશ્રીનું? પછી અમે સર્વે છત્રીએ આવ્યા.
- જયારે – જયારે છત્રીનું કામ હોય ત્યારે મામા અમને મોકલતા અને અમે તુરંત છત્રીએ આવતા.
- આજ પણ જયારે-જયારે ગોવિંદભાઈ (પ્રમુખશ્રી) અમને ફોન કરે એટલે અમે હાજર થઈ જઈએ છીએ.
- એવી જ રીતે અમે જ્યારે શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશનમાં પ્રસંગ કરીએ છીએ ત્યારે શ્રી ગોવિંદભાઈ (પ્રમુખશ્રી) હાજર થઈ જાય છે.
- અમારી જયારે જયારે જરૂર પડે ત્યારે બોલાવજો અમે તરત હાજર થઈ જશું.

### અ.મુ. શ્રી ગોવિંદભાઈ વેકરીયા (પ્રમુખશ્રી - છતેડીધામ)



- હાલમાં જે જગ્યાએ આપણે આ શતાબ્દી મહોત્સવ ઉજવી રહ્યા છીએ એજ જગ્યાએ અ.મુ. શ્રી જાદવજીબાપા તથા અ.મુ. શ્રી નારાયણમામાની નિશ્રામાં બાપાશ્રી પ્રાગટ્યનો સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો.
- આ ઉત્સવમાં ઈન્દ્રદેવ પધાર્યા પણ તે નિમિત્તે કરીને કાયમને માટે મંડપ થઈ જાય એવો સંકલ્પ શાસ્ત્રી સ્વામીએ કર્યો અને બધાય હરિભક્તોએ એ વધાવી લીધો છે.
- આ મહોત્સવમાં નાના-મોટા જેમને જેમને જે જે સેવા બજાવી છે તે સર્વેનો આભાર માનું છું.
- જેવી રીતે ઈશ્વરચરણદાસજી સ્વામી અને વૃંદાવનદાસજી સ્વામી મહંતાઈ છોડી બળદિયા બાપાશ્રી પાસે પધારતા તેવી જ રીતે આપણા સ્વયંપ્રકાશદાસજી સ્વામી બાપાશ્રી માટે અવારનવાર પધારે છે. તેમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.
- આપણે અરસ-પરસ કોઈનો અભાવ ન આવે, દાસપણુ વધે અને સહુ હળી-મળીને સંપીને રહીએ તો મહારાજ-બાપા રાજી થશે.

અવરભાવમાં મંદિર તે અક્ષરધામ અને મૂર્તિ તે મહારાજ. પરભાવમાં તો 'મહારાજે મૂર્તિમાં રાખ્યા છે-મહારાજ જ છે'.
મોક્ષના લાખો સાધન લખાયા છે પણ મહિમાં અને દિવ્યભાવ જેવી મોટી કોઈ વાત નથી એમ ભગવાનના ભક્તે સમજવું.










## સભા સંચાલન



સમગ્ર મહોત્સવ દરમ્યાન સભા સંચાલન ખૂબ સરસ રીતે **અ.મુ. શ્રી ભાનુચંદ્ર રતિલાલ પટેલે** કર્યું હતું. તેમણે પ્રસ્તુત કરેલ સંચાલનના અંશો આ મુજબ છે.

- દુનીયામાં કાંઈક યુનીક થાય છે પણ અહીં તો સર્વોપરી થાય છે.
- અહીં ગુજરાત, મહારાષ્ટ્રથી હરિભક્તો આવ્યા સાથે વિદેશથી હરીભક્તો આવ્યા અને દેવો પણ આવ્યા તેમાં ઈન્દ્રરાજા આવી ગયા તે પૂરવાર કરે છે દેવોની હાજરી.
- સ્વયં સેવક ભાઈ બહેનોએ સેવા કરી વરસાદ બાદ સભા માટે બધુ તૈયાર કર્યું છે.
- ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે લાકડુ વેરવું હોય તો કરવત ચલાવવી પડે અને કરવત પાછી ફરે ત્યારે કાપે પણ સત્સંગની કરવત તો બે ધારી હોય તે જાય ત્યારે અને પાછી પડે ત્યારે પણ કાપે આવી છે.
- અ.મુ. શ્રી મુકુન્દપ્રસાદ સ્વામી શંખનાદ વાળાથી ઓળખાય છે. અને તેઓ આરતી વખતે શંખનાદ કરી વાતાવરણ પુલકીત કરે છે.
- એક જ કિર્તનમાં મહારાજના કેટલા બધા ચરિત્ર હોય તે તો આવા વક્તાથી ખબર પડે છે.
- સહજમાં આનંદ આપે તે સહજાનંદ છે. જીવણ ભક્તનો રોટલો જેતલપુરમાં ખાય, બીબડી દાતણ આપે, અને એક ડગલીમાં રાજી થઈ જાય આ સહજાનંદ છે.
- મામાશ્રી એવું કહેતા કે મહારાજ બીરાજે છે, બાપા બીરાજે છે, એવું દિવ્ય સ્થાન આ છે.
- ખેડુતો કણકણનો ઉપયોગ કરે તેમ આપણે ક્ષણ ક્ષણનો ઉપયોગ કરી લઈએ.
- વૃષપુર તો પવિત્ર સ્થળ છે છતાં છતેડી તેનું હૃદય છે.
- જનમ જનમના પાપ બળી જાય તેવી અહીં સેવા બહેનો દ્વારા થઈ રહી છે.
- પ્રેમાનંદ સ્વામી કહે મહારાજ કેવા રૂપાળા હશે ને એમની આંખો મહારાજના રૂપ જોઈને અટકી ગઈ છે.
- જુનાગઢમાં હાથીની અંબાડીએ બેઠા બેઠા કાકડી જમે છે અને ગઢડામાં સભામાં બેઠા બેઠા દહિંને રોટલો જમે અને મુની બાવાનો નિશ્ચય ડગી જાય છે. નિશ્ચયની વાત અટપટી છે.
- આપણે અહીં ભગવાનના છત્ર નીચે બેઠા છીએ તેથી સુરક્ષીત છીએ.



આ સભાને વિષે દિવ્યભાવ લાવવો પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ભાવ આ સભાને વિષે ન લાવવો.
આ સભા દિવ્ય જાણે છે, તેને માયાનો પડદો ટળી જાય છે. સત્સંગમાં જેને દિવ્ય ભાવ આવે તેને મહારાજ અને મુક્ત સર્વે તેજોમય ભાસે.





## ઠાકરથાળી





- ગંગોત્રી અને ગંગાસાગર મિલન શક્ય નથી પણ અહીં બાપાશ્રીની છત્રીનું પ્રાગટ્ય સ્થાન તથા અગ્નિસંસ્કાર પણ અહીં જ થયો છે એ દુનીયાનું કદાચ એક જ સ્થાન છે.
- પ્રેમાનંદ સ્વામી ''વંદુ સહજાનંદ...'' ગાય અને અક્ષર ઓરડીમાંથી વરસતા વરસાદે શ્રીજીમહારાજ ભાવવિભોર થઈ આખી રાત સાંભળે છે. ત્યારે મહારાજ કહે છે આવી કિર્તન ભક્તિ અને સ્વરૂપનું જ્ઞાન હોય તેને તો અમે દંડવત્ કરીએ.
- મીશનમાં કે છત્રી સંસ્થા માટે કોઈ દિવસ ધન માંગવાની જાહેરાત નથી થતી.
- આજે દેહથી છુટા પડીશુ પણ ચૈતન્યથી તો જોડાયેલા છીએ.

## આશીર્વચન

### અ.મુ. શ્રી જાદવજી બાપા :



- માન ન રાખવું દાસપણુ રાખવું.
- મારામાં ખોટ છે એમ જોવું.
- પોતાનામાં તપાસ કરવી, ભગવાન કેટલા સાંભરે છે અને સંસાર કેટલો સાંભરે છે.
- સુખ માત્ર ભગવાનમાં છે.
- જીવને પોતાના સ્વરૂપમાં રાખવા માટે પોતે સજાતી થયા.
- જીવને અજ્ઞાનરૂપી કાંટો છે તે કાંટો કાઢવા માટે પોતે મનુષ્યરૂપ ધારણ કર્યું.
- જીવનું અજ્ઞાન કાઢીને બ્રહ્મરૂપ કરી દીધા.
- જીવ બ્રહ્મરૂપ નથી થાતો ત્યાં સુધી ભગવાન કેવા તે ખબર નથી પડતી.
- ઐશ્વર્યમાં ક્યાંય સુખ નથી.
- ભગવાન આગળ બીજા સુખની શું ગણત્રી છે?
- આવો મહીમા સમજાય ત્યારે અજ્ઞાન ટળી જાય.
- મહારાજ અને મહારાજના મુક્તોએ આ બ્રહ્માંડમાં આપણને દર્શન દીધા તે આત્માને અખંડ દર્શને, સ્પર્શે, સેવાએ જમાડી જીવોનો મોક્ષ કર્યો છે.

અમે કચ્છમાં જ રહ્યા છીએ એમ ન જાણશો. અમે તો શ્રીજીમહારાજના ભેળા સત્સંગમાં અખંડ મૂર્તિમાન રહ્યા છીએ, મૂર્તિથી ક્યારેય જુદા રહેતા નથી. શ્રીજીમહારાજ દિવ્ય તેજોમય છે. મુક્તનું પણ એવું સમજવું આ દેખાવામાત્ર મનુષ્યભાવ (પ્રતિમાભાવ) છે.











- મહારાજે આ બ્રહ્માંડમાં દર્શન દીધા તે પાધરા આવ્યા છે. ઉદરમાં નથી આવ્યા. શાસ્ત્રમાં શાસ્ત્રની રીતે લખાણ થાય.
- જયારે અયોધ્યાપ્રસાદજી મહારાજે ત્રણ મહીના લાડવા જમાડ્યા ત્યારે કૌશલ દેશના બ્રહ્મણોએ તેમને નાતમાં ભેડવ્યા.
- મહારાજ વનમાં ગયા તે અસંખ્ય જીવોનો ઉધ્ધાર કર્યો હતો.

## અ.મુ. શ્રી નારાયણભાઈ ઠક્કર :



- માત્ર યાંત્રીક રીતે સ્વરૂપનું અંનુસંધાન રાખવાથી એ દિવ્ય સ્થિતિને પામી શકાય નહી.
- દિવ્ય સ્થિતિને પામવાને માટે જીવ ભગવાનની આજ્ઞા ભગવાનના દિવ્ય કલ્યાણકારી ગુણો પામીને તેમના કલ્યાણકારી કામમાં જોડાય છે તેને અનાદિમુક્તની સ્થિતિ થાય છે.
- આવા પ્રસંગમાં કોઈ ચક્રવર્તિ રાજા ગાદીએ બેસે અને અનેક કેદીઓને છોડી મૂકે તેમ શ્રીજીમહારાજના મુક્તાવતાર અનાદિમુક્ત શ્રી અબજીબાપાશ્રીના આ દિવ્ય પ્રસંગે શ્રીજીમહારાજ અહીં ઉપસ્થિત સૌ કોઈ ઉપર તથા જે દેહની પ્રકૃતિ કે અન્ય કારણે ઉપસ્થિત ન થઈ શક્યા હોય તે બધાયને છેલ્લા જન્મની કૃપા કરશે.
- આ કૃપાવર્ષાથી આપણા અવયવો કુદરતી રીતે ફરી જાય છે અને સ્વભાવ કર્મ બદલાઈ જાય છે.

## અ.મુ. શ્રી મુનીસ્વામી કેશવપ્રિયદાસજી :-

- બાપાશ્રી કહે કે જયારે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય એને એમ મનાઈ જાય કે અક્ષરધામમાં જવું હતું. મહારાજની મૂર્તિના સુખ ભોક્તા થવું હતું. તેમને બધી પ્રાપ્તિ થઈ રહી છે કાંઈ બાકી નથી રહ્યું.
- ત્યારે એને દેહ નથી રહ્યા એવું જ્ઞાન થઈ ગયું તો ઠીક પણ એમ થાય અને મહારાજ ધામમાં તેડી જાય ત્યારે થાય એમ થાય તો તે કસર રહી ગઈ કહેવાય તો તેને પાછો જન્મ લેવો પડે.
- પણ જો દેહ ખોટો કરી નાખ્યો હોય તો એને પાછો જન્મ ન લેવો પડે અને ભગવાનના વચને ધામમાં જાય.



ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય. ધ્યાન કરવામાં દાખડો કરવાનો આગ્રહ હોય તેને મોંઘી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે મળે છે. આ દેહે શું ન થાય? બે વાગ્યે વહેલા ઊઠીને માળા કરવી, ધ્યાન કરવું, કીર્તન કરવા પણ સુઈ ન રહેવું.





## પ્રસાદમ્








- બીજો ભગવાનના વચને ધામમાં જાય આવરદા હોય તો પણ અને ત્રીજો અનેક જન્મે ધામમાં જાય.
- ભગવાનને કર્તા જાણે અને આશરો હોય તો તે ભગવાનને ગમે છે.
- શ્રીજી મહારાજ કહે છે, ‘‘પૃથ્વી ઉપર અમે મનુષ્ય જેવા દેખાઈ છીએ પણ દિવ્ય છીએ.’’
- મનુષ્યમાંથી મનુષ્યભાવ કાઢી નાખવો.
- હિરો હિરે વેંધાય. વેંધાય એટલે શું? તો મૂર્તિમાં રાખે. હિરો વેંધાય ત્યારે દાસપણું રેહે છે.
- અવરભાવમાં મહારાજ કે મુક્ત મળે તે વેંધનાર હિરો કહેવાય.



શ્રીહરિવલ્લભદાસજી સ્વામી, રાજ વકીલ, રૂદ્ર વકીલ, ઝીલ ઠક્કર અને સંગીતજ્ઞો દ્વારા ગાયેલા કિર્તનો અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી દિવ્યાનંદ સભામંડપમાં દિવ્યતા પ્રસરી જતી અને વક્તા સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીના મુખેથી કથામૃત પ્રસંગે ચરિત્રો અને જ્ઞાનવાર્તાથી મૂર્તિરસ રેલાતો.

સ્વામિનારાયણ – મહામંત્રની ધુન સાથે પારાયણ તથા શતાબ્દી મહોત્સવની પૂર્ણાહૂતી કરી સહુ સંતો તથા યજમાન-સહયજમાનશ્રી આમંત્રિતો દ્વારા આરતી કરવામાં આવી.

દરરોજ તેમજ અંતિમ દિવસે ભોજનપ્રસાદ લઈ પધારેલ સર્વે મુક્તો પોતપોતાના સ્થાને મહોત્સવની સ્મૃતિ સાથે પધાર્યા.

આ તો પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે. આજ મહારાજ અને મુક્ત શ્રાંત વરસાવે છે. તેને જો અધ્ધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખી થવાય. માટે બીજા બધા કામ ખોટી કરીને આ જોગ કરી લેજો. આવા અનાદિમુક્ત મળ્યા તે કાંઈ સાધારણ વાત નથી.







## અખંડ ધૂન







## શ્રી હરિયાગ









MURTI, Gujarati, Monthly, May/June, Year 20, Issue - 05/06
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-06-2023

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24










Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria